# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૮



એવા એ કળિકાળમાં જગતનાં
કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં
સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી,
ગગનથી ઓ ક્હાન ! તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સતને તું પ્રાણવંતું કરે.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● બીજ વિના વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોત્પત્તિ જેમ હોતાં નથી તેમ, સમ્યક્ત્વ વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની (ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોત્પત્તિ) હોઈ શકતી નથી. ૧૬૫૮.

(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૩૨)

● જબ મનમેં વિશુદ્ધતા રહતી હૈ તબ તત્ત્વજ્ઞાની પુરુષોંકે ચિત્તમેં આપત્તિમેં વ સંપદાઓંમેં સમાનભાવ રહતા હૈ. મહાન પુરુષોંકી સર્વ હી ચેષ્ટા મહાન હોતી હૈં. ૧૬૫૯. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૪)

● જન્મ-મરણ એ જેના માતા પિતા છે, આધિ-વ્યાધિ એ બે જેના સહોદર ભાઈ છે અને વૃદ્ધાવસ્થા જેનો પરમ મિત્ર છે એવા શરીરમાં રહીને તું અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર આશામાં વહી રહ્યો છે એ એક આશ્ચર્ય છે ! ૧૬૬૦.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૧)

● જીવ મરો કે જીવો, અપ્રયત આચારવાળાને (અંતરંગ) હિંસા નિશ્ચિત છે; પ્રયતને, સમિતિવંતને (બહિરંગ) હિંસામાત્રથી બંધ નથી. ૧૬૬૧.

(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૨૧૭)

● ઈસ સંસારમેં વ્રત-તપ-દયા-દાન-પ્રશમ-ક્ષમા આદિ પુરુષકે જો મુખ્ય ગુણ હૈ, જિનકે ધારણ કરનેસે જીવકો શાશ્વત સુખકી પ્રાપ્તિ હોતી હૈ વે સબ જ્ઞાનકી સહાયતાસે હોતે હૈં. ૧૬૬૨.(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૯૭)

● ધર્મના પ્રભાવથી મરુભૂમિમાં પણ કમળોથી વ્યાપ્ત સરોવર પ્રાપ્ત થઈ જાય છે, જંગલમાં પણ ઉન્નત મહેલ બની જાય છે, પર્વતના શિખર પર પણ આનંદોત્પાદક સ્ત્રીઓ અને શ્રેષ્ઠ રત્ન પણ પ્રાપ્ત થઈ જાય છે. એ સિવાય ઉક્ત ધર્મના જ પ્રભાવથી ભીંત ઉપર અથવા લાકડામાંથી બનાવેલ દેવતા પણ સિદ્ધિદાયક થાય છે. બરાબર છે—ધર્મ અહીં પ્રાણીઓને ક્યા ક્યા ઈષ્ટ પદાર્થ પ્રાપ્ત કરાવતો નથી ? બધું જ પ્રાપ્ત કરાવે છે. ૧૬૬૩.(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૮૭)

● આચાર્ય કહતે હૈં કિ બહુત કહનેસે ક્યા ? ધર્મ, અર્થ, કામ, મોક્ષ ઔર અન્ય જો કુછ વ્યાપાર હૈ વહ સબ હી શુદ્ધભાવમેં સમસ્તરૂપસે સ્થિત હૈ. ૧૬૬૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૬૪)

વર્ષ–૧૨
અંક–૫




વિ. સંવત
૨૦૭૪
January
A.D. 2018



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## આત્માનું ભૂતાર્થ સ્વરૂપ અને પ્રાપ્તિની વિધિ

હવે આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ ઢંકાઈ ગયો છે તેવા જળનો અનુભવ કરનારા ઘણા પુરુષો, જળ અને કાદવની ભિન્નતાના વિવેકના અભાવને લીધે, જળને મલિન જ અનુભવે છે; પણ કેટલાક પુરુષોને જળ-કાદવની ભિન્નતાનો વિવેક હોવાથી પોતાના પુરુષાર્થ વડે કતકફળ તેમાં નાખીને એક સહજ નિર્મળ એવા જળને પ્રગટ કરીને, તે જળને નિર્મળ જ અનુભવે છે.

તેવી રીતે કર્મના નિમિત્તે થતા મિથ્યાત્વ, કષાય આદિ ભાવના મળવાથી આત્માનો સહજ એક નિર્મળ જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે, તિરોભૂત થયો છે. 'રાગ તે હું' એવા મિથ્યાત્વભાવના મેલની આડમાં નિર્મળાનંદ જ્ઞાયકભાવ આચ્છાદિત થઈ ગયો છે. જ્ઞાયકભાવ પોતે તો સ્વભાવ અપેક્ષાએ અનાદિથી એવો ને એવો જ છે પણ 'વિકલ્પો તે હું' એવા મિથ્યાત્વભાવની આડમાં તે સહજ સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી, માટે જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એમ કહ્યું છે. જેમ નજર આગળ એક આંગળી આડી ધરતાં આખો સમુદ્ર દેખાતો નથી તેથી જોનારને માટે સમુદ્ર તિરોભૂત થઈ ગયો

કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે
જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦. –શ્રી સમયસાર

છે તેમ કહેવાય. નજરમાં નથી આવતો માટે તિરોભાવ પામ્યો છે, પણ સમુદ્ર તો છે એમ ને એમ, એવો ને એવો છે. તેવી રીતે જ્ઞાયકભાવ તો સ્વભાવથી પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ અનંતગુણનો પિંડ અનાદિનો જેવો છે તેવો જ છે, તે કાંઈ તિરોભાવ પામ્યો નથી, પરંતુ જાણનારની દૃષ્ટિમાં 'રાગાદિ તે હું' એવા મિથ્યાત્વભાવની આડશ હોવાના કારણે જ્ઞાયકભાવ તેની નજરમાં નહીં આવતો હોવાથી તિરોભૂત થઈ ગયો છે એમ કહ્યું છે.

એ રીતે મિથ્યાત્વભાવને લીધે જેનો સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનારા વ્યવહારથી વિમોહિત હૃદયવાળા પુરુષોને, આત્મા તથા રાગાદિની ભિન્નતાનો વિવેક નહીં હોવાને લીધે, જેમાં ભાવોનું અનેકપણું પ્રગટ છે એવો આત્માને અનુભવે છે, અર્થાત્ સહજ એક જ્ઞાયકભાવને નહીં અનુભવતાં આત્માને તેઓ રાગાદિવાળો અનુભવે છે, તે મિથ્યાદૃષ્ટિ છે. તે અધર્મને જ અનુભવે છે.

પરંતુ ભૂતાર્થદર્શીઓને એટલે કે શુદ્ધનયને દેખનારાઓને શુદ્ધનય અનુસાર આત્મા તથા વિભાવની ભિન્નતાનો વિવેક હોવાથી તેઓ પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવની સન્મુખ દૃષ્ટિ કરીને, સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવા આત્માને આવિર્ભૂત કરીને, પ્રગટ કરીને અનુભવે છે. તેથી તેઓ સમ્યગ્દૃષ્ટિ છે, તેઓ ધર્મને અનુભવે છે.

એ રીતે જેઓ શુદ્ધનયનો અર્થાત્ શુદ્ધનયના આલંબનભૂત ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરે છે તેઓ જ સમ્યગ્દૃષ્ટિ છે; પણ જેઓ અશુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે. માટે કર્મથી એટલે વિકારીભાવથી ભિન્ન આત્માને દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી; માત્ર શુદ્ધનય જ અનુસરવા યોગ્ય છે.

આ ૧૧મી ગાથા જૈનદર્શનના પ્રાણ છે. અહીં સમ્યગ્દર્શનનો વિષય બતાવ્યો છે. વર્તમાન પર્યાયને જાણનાર વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો છે અને ત્રિકાળી, અભેદ, એકરૂપ જ્ઞાયકભાવને ભૂતાર્થ, સત્યાર્થ કહ્યો છે. બે ભાવ છે : એક વર્તમાન પર્યાયભાવ અને બીજો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ; તેમાં પર્યાયને બતાવનાર વ્યવહારનયને જૂઠો કહ્યો છે ને ત્રિકાળી દ્રવ્યસ્વભાવને બતાવનાર શુદ્ધનયને સત્યાર્થ કહ્યો છે. બહુ સમજવા જેવી

**પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧. –શ્રી સમયસાર**

વાત છે. પર્યાય 'છે' તેને ગૌણ કરીને અભૂતાર્થ—અસત્યાર્થ કહી છે, અભાવ કરીને અસત્યાર્થ કહી નથી.

જેનો વિષય હયાતી ધરાવતો ન હોય, અવિદ્યમાન હોય તેને અસત્યાર્થ કહેવાય, એટલે કે પર્યાય, ભેદ સર્વથા છે જ નહિ—એમ નથી, પણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં પર્યાયભેદ નથી; માટે સઘળોય વ્યવહારનય અસત્યાર્થ છે એમ કહ્યું છે.

### વ્યવહારનયને અભૂતાર્થ, અસત્યાર્થ કહેવાનો આશય

જેમાં ભૂતકાળ અને ભવિષ્યકાળનો પણ ભેદ નથી, જેમાં વર્તમાન પર્યાય પણ નથી, અનંત ગુણનો પિંડ હોવા છતાં જેમાં 'જ્ઞાન તે આત્મા' એવા ગુણ-ગુણીના ભેદો પણ નથી એવું જે શુદ્ધનયના વિષયભૂત અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, જે સમ્યગ્દર્શનના ધ્યેયભૂત શુદ્ધ જ્ઞાયકભાવ છે, તેની દૃષ્ટિ કરતાં, દૃષ્ટિ કરનારને અભેદ એકરૂપ વસ્તુનો જ અનુભવ થાય છે, અભેદ એકરૂપ વસ્તુ જ તેની દૃષ્ટિમાં આવે છે. અભેદની દૃષ્ટિ કરનારને તેમાં ભેદ દૃષ્ટિગોચર થતો જ નથી. માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ છે તેમ જ કહેવું જોઈએ. તેમ છતાં ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી, પર્યાય સર્વથા છે જ નહી—એમ ન સમજવું. પર્યાય પર્યાયપણે છે ખરી, પરંતુ અભેદ દૃષ્ટિમાં પર્યાયનો અભાવ છે. અભેદની દૃષ્ટિ કરનાર પર્યાય છે છતાં દૃષ્ટિરૂપ પર્યાય જેને વિષય બનાવે છે તે અભેદ જ્ઞાયકભાવમાં તો પર્યાયનો, ભેદનો સર્વથા અભાવ જ છે. દૃષ્ટિના વિષયમાં પર્યાય ગૌણપણે પણ સામેલ છે જ નહિ, પર્યાય ગૌણપણે પર્યાયપણે જ છે. દૃષ્ટિના વિષયમાં પર્યાય અને ગુણ-ગુણીના ભેદ વિનાનો ત્રિકાળી અભેદ એકરૂપ આત્મા આવે છે, અને ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.

પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી પરંતુ વિષય કરનાર પર્યાય જ છે. અભેદ એકરૂપ જ્ઞાયકભાવને કાંઈ અભેદની દૃષ્ટિ કરવાપણું નથી; પરંતુ પર્યાય તેની દૃષ્ટિ કરે છે. માટે પર્યાય પણ છે ખરી. જો પર્યાયને સર્વથા અભાવ ગણીને અસત્યાર્થ માનવા જાય તો વેદાન્તમતવાળાની માન્યતા જેવું ઠરે. વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને, અવસ્થાઓને માયાસ્વરૂપ કહીને સર્વથા અભાવરૂપ માને છે, અને સર્વવ્યાપક એક અભેદ શુદ્ધ બ્રહ્મને વસ્તુ કહે છે. તેમ અહીં પર્યાયને અસત્યાર્થ કહેવાનું પ્રયોજન ન સમજે, ને પર્યાયનો સર્વથા અભાવ માને તો, વેદાન્તમતવાળાની માફક, સર્વથા એકાંત

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨. —શ્રી સમયસાર




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૬
(ગાથા ૧૪)

પ્રશ્ન :—પહેલાં વ્યવહાર કે પહેલાં નિશ્ચય?

ઉત્તર :—નિશ્ચય-વ્યવહાર બન્ને સાથે જ છે. નિશ્ચય વગર વ્યવહાર કોઈ શકે નહીં. નિશ્ચયમાં વચ્ચે વ્યવહાર આવે છે, પણ નિશ્ચયના આધારે જ બધા ગુણોની નિર્મળ દશા પ્રગટે છે. વ્યવહારના આશ્રયમાં તો રાગ છે, વિકલ્પ છે. તેના આધારે ગુણની નિર્મળ અવસ્થા પ્રગટે નહીં.

અહા! નિયમસાર, મહા ઊંચી વાત છે. મહાભાગ્ય છે કે ભગવાનની દિવ્યધ્વનિનો નાદ આવ્યો કે જેમાં પૂર્ણ સ્વભાવ આવ્યો; અને એ ઠેઠની આવેલી વાણી રહી ગઈ. સાક્ષાત્ ભગવાનની વાણીનું રહસ્ય શાસ્ત્રમાં ગૂંથીને શ્રીકુંદકુંદઆચાર્યદેવે મહાન ઉપકાર કર્યો છે.

જગત બહારમાં સુખ માને છે, તેથી પૈસાદિ પરવસ્તુના સંગ્રહમાં સુખ માને છે. અંદર ચૈતન્યમાં જ અનંત ગુણ-પર્યાયનો સંગ્રહ પડ્યો છે તેની દૃષ્ટિ નથી એટલે બહારમાં પરનો સંગ્રહ કરવા માગે છે. પર વસ્તુનો સંગ્રહ કરવાની દૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ છે. અંદર જ્ઞાન-આનંદનો અનંતો સંગ્રહ પડ્યો છે તેના જ આધારે સુખ છે. ગુણનો સંગ્રહ કરવો પડે તેમ નથી, અનંતા ગુણનો રસકંદ ચૈતન્યમૂર્તિ ભગવાન પડ્યો જ છે—તે ઉપર નજર કરે તો પર-સંગ્રહની દૃષ્ટિ છૂટી જાય, અને સ્વ તરફ લક્ષ કરતાં સુખ પ્રગટે.

જેણે, પુણ્ય કરું તો ભવિષ્યમાં મદદ કરે એમ માન્યું તેની ઊંધી માન્યતામાં હું ત્રિકાળ વિકારવાળો ઊંધો જ રહું અને પરની ઓશિયાળ મને રહ્યા જ કરે એમ આવ્યું. પુણ્ય એટલે વિકાર, વિકારનું ફળ મારા અવિકારી સ્વભાવને મદદ કરે એમ માન્યું—એટલે વિકારથી લાભ માન્યો અને ભવિષ્યમાં વિકારની ઈચ્છા કરી તે મિથ્યાદૃષ્ટિ જ છે. પુણ્ય કરું તો ભવિષ્યમાં ભગવાનનો સંયોગ મળે અને ભગવાનના સંયોગથી મને લાભ થાય એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય કરું અને તીર્થંકર ભગવાનનો સંયોગ મળે તેથી મને લાભ થાય એમ માન્યું—તે માન્યતામાં ત્રિકાળી પરાશ્રયનો અને સંગ્રહ બુદ્ધિનો

**અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,**
**—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩. –શ્રી સમયસાર**

મિથ્યાત્વભાવ પડ્યો છે. અંદર ત્રિકાળી સત્ સ્વભાવ પડ્યો છે તે જ મદદગાર છે એમ ન માનતાં વિકારને અને પરને મદદગાર માન્યાં, તે માન્યતામાં અનંતા વિકાર અને અનંતા પરના સંગ્રહના પરાશ્રય ભાવનું સેવન છે. સત્ સમજતાં વચ્ચે નિમિત્તો આવે તે જુદી વાત છે, પણ તેને લઈને લાભ થાય એમ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. ભગવાનની સ્તુતિ કરું તો ભગવાન તારી દે એ વાત ખોટી છે. ભગવાન તો કહે છે કે મારો આશ્રય માગે તે મને ઓળખતો નથી. ૐકાર દિવ્યધ્વનિથી વીતરાગભગવાન દાંડી પીટીને જાહેર કરે છે કે—'મારો આશ્રય માગનાર મિથ્યાદૃષ્ટિ છે. હું તારું કાંઈ ચોરી ગયો છું તે તને પાછું આપું? તારા ગુણ તારી પાસે જ છે. તારો સ્વભાવ જ પરમાત્મા જેવો છે. તેના આશ્રયે જ કેવળજ્ઞાન પ્રગટે છે; બાકી હું તને કાંઈ આપી દઉં તેમ નથી. મને ભૂલ તો ભગવાન થા! હું તારાથી જુદો છું એટલે મારું લક્ષ કરતાં તને પરાશ્રય આવશે–રાગ આવશે. માટે મારા આશ્રયનું લક્ષ છોડીને તારા સ્વાધીન સ્વરૂપ તરફ લક્ષ કર તો તારી પ્રભુતા પ્રગટે. તારા ગુણો મારી પાસે નથી, પણ તારામાં જ છે.' એ રીતે ભગવાન તો બધાની સ્વાધીનતા જ બતાવે છે.

કારણરૂપ ત્રિકાળી સ્વભાવ છે, તે નિશ્ચય છે; અને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે વ્યવહાર છે. કેવળજ્ઞાન પણ વ્યવહાર છે, કેમ કે તે એક સમય પૂરતી અવસ્થા છે. એક સમય રહે તેનો આધાર હોય નહીં શુદ્ધ આત્માના શુદ્ધ નિશ્ચયસ્વરૂપને સાધવાથી ચાર ઘાતિકર્મોનો નાશ થઈને કેવળજ્ઞાનાદિ પ્રગટે છે તે કાર્ય છે. કેવળજ્ઞાન કે સમ્યગ્દર્શનાદિ પણ ફેરફારવાળી પર્યાય છે, તેમાં સમયે સમયે ઉત્પાદ-વ્યય થયા કરે છે. ક્ષાયિકભાવ પ્રગટતાં જે દશા પ્રગટી તે પાછી ન પડે અને એકરૂપ રહે તે અપેક્ષાએ અરિહંતદશારૂપ શુદ્ધકાર્યની પ્રાપ્તિ થઈ છે અને કારણ તો ત્રિકાળ છે જ.

દરેક વસ્તુમાં એક-એક સમયે અગુરુલઘુગુણની સૂક્ષ્મ હાનિ-વૃદ્ધિરૂપ અવસ્થા થાય છે–તે બધાં દ્રવ્યોમાં સાધારણ છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંતગુણ તથા ભાગ હાનિવૃદ્ધિ–એ રીતે ષટ્ગુણી હાનિવૃદ્ધિ અગુરુલઘુગુણની સૂક્ષ્મ પર્યાય છે તેને સ્વભાવ અર્થપર્યાય કહે છે. આ રીતે શુદ્ધપર્યાયના પ્રકારો કહેવાયા.

હવે વ્યંજનપર્યાય કહે છે :—આ જડ શરીરનો આકાર તે આત્માની વ્યંજનપર્યાય નથી, પણ શરીરના આકાર પ્રમાણે આત્માના પ્રદેશોનો બાહ્ય–પ્રગટ આકાર તે વ્યંજનપર્યાય છે. અંદર અનંતા ગુણોની પર્યાય તે અર્થપર્યાય અને બાહ્ય

**અણપ્રતિક્રમણ બે—દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,**
**—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.** **–શ્રી સમયસાર**

પ્રદેશોનો આકાર તે વ્યંજનપર્યાય છે. જે શરીર હોય તે શરીર પ્રમાણે આત્માના પ્રદેશોનો આકાર તે વ્યંજનપર્યાય છે; જે સાદિ અને અંતસહિત, મૂર્તિક (આકારરૂપ) અને વિભાવરૂપ દેખાય તે પુદ્‌ગલની વ્યંજનપર્યાય છે.

આત્મા ત્રિકાળી વસ્તુ છે, તેનું યથાર્થ જ્ઞાન તે આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન વિનાના સંસારી જીવો શરીરની પર્યાય પામે છે, એટલે કે શરીર પ્રમાણે તેના આત્મપ્રદેશોનો આકાર થાય છે; ત્યાં જડ શરીર તે પોતાનું છે એમ માનીને તેના નિમિત્તે જે શુભ-અશુભ મિશ્રપરિણામ જીવ કરે છે તેના ફળરૂપે જીવ વ્યવહારે મનુષ્ય થાય છે. મનુષ્યપણું તે વ્યવહાર છે કેમકે જો પરમાર્થે મનુષ્યપણું હોય તો મનુષ્યપણું કદી ટળે નહીં, પણ મનુષ્યપણું વ્યવહારે છે. ખરેખર મનુષ્યપણું ખોટું છે—એટલે ખરેખર આત્મા મનુષ્યદેહને ધારણ કરતો નથી. મનુષ્ય વગેરે પર્યાયના આકારે આત્માના પ્રદેશોનો આકાર તે વ્યંજનપર્યાય છે. શુભ-અશુભ મિશ્રપરિણામથી આત્મા વ્યવહારથી નર થાય છે, શુભપરિણામ વડે દેવ, કિંચિત્ શુભ સાથે માયા-કપટના પરિણામથી તિર્યંચ અને અશુભપરિણામોથી નારકીપર્યાય થાય છે, તેમાં આત્માના પ્રદેશોનો જે આકાર તે નર-નારકાદિ પર્યાય છે. પ્રથમમાં (અર્થપર્યાયમાં) ગુણની અવસ્થા નિમિત્તવાળી હતી અર્થાત્ રાગાદિ વાળી અશુદ્ધ હતી તે આત્માનું સ્વરૂપ નહીં, અને આ શરીરાદિના નિમિત્તે જે વ્યંજનપર્યાય થાય છે તે પણ આત્માનું સ્વરૂપ નથી; માટે તે રહિત અંદરનું ત્રિકાળ શુદ્ધસ્વરૂપ જાણીને અંતરમાં ઠરવું, તે જ સુખનો ઉપાય છે. ( ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. કથંચિત્ અશુદ્ધનય છે એમ ન માને ને સર્વથા એકાંત શુદ્ધનયનો પક્ષ કરે તો તે મિથ્યાદૃષ્ટિ જ છે.

અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્‌વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્યગૌણ કરીને કહેનારી છે, તેથી જે અપેક્ષાએ કહેવામાં આવ્યું હોય તે રીતે સમજવું જોઈએ. નિત્યને સત્યાર્થ કહ્યો અને અનિત્યને અસત્યાર્થ કહ્યો તે કથન સ્યાદ્‌વાદથી કહ્યું છે. જિનવાણી સ્યાદ્‌વાદરૂપ હોવાથી, જન્મ-મરણનો અંત લાવનાર સમ્યગ્દર્શનના પ્રયોજનવશ શુદ્ધનયને મુખ્ય કરીને—નિશ્ચય કહીને—સત્યાર્થ કહ્યો છે, તથા વ્યવહારનયને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે. (ક્રમશઃ) ❋

**અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,**
**આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.** **–શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે લોકાકાશનું સ્વરૂપ કહે છે—

હવે કોઈ તર્ક કરે કે–જો પ્રત્યેક દ્રવ્ય અને દ્રવ્યોનો સમુદાયરૂપ લોક નિત્ય છે તો પછી ઉપજે–વિણસે છે તે કોણ છે ? તેના સમાધાનરૂપ ગાથા કહે છે—

परिणामसहादादो पडिसमयं परिणमंति दव्वाणि ।
तेसिं परिणामादो लोयस्स वि मुणह परिणामं ।।११७।।

અર્થ :—આ લોકમાં છએ દ્રવ્યો છે તે પરિણામસ્વભાવી છે તેથી તેઓ સમયે સમયે પરિણમે છે; તેમના પરિણમવાથી લોકને પણ પરિણામી જાણો.

ભાવાર્થ :—દ્રવ્યો છે તે પરિણામી છે અને દ્રવ્યોનો સમુદાય છે તે લોક છે; તેથી દ્રવ્યો પરિણામી હોવાથી લોક પણ પરિણામી થયો. અહીં કોઈ પૂછે કે–પરિણામ એટલે શું? તેનો ઉત્તર :—પરિણામ નામ પર્યાયનું છે; જે દ્રવ્ય એક અવસ્થારૂપ હતું તે પલટાઈ અન્ય અવસ્થારૂપ થયું ( તે જ પરિણામ વા પર્યાય છે). જેમ માટી પિંડ-અવસ્થારૂપ હતી, તે જ પલટાઈને ઘટ બન્યો. એ પ્રમાણે પરિણામનું સ્વરૂપ જાણવું. અહીં લોકનો આકાર તો નિત્ય છે તથા દ્રવ્યોની પર્યાય પલટાય છે; એ અપેક્ષાએ પરિણામી કહીએ છીએ.

કોઈ તર્ક કરે કે જો આ લોક નિત્ય છે તો આ ઉત્પન્ન અને નાશ થવાવાળો કોણ છે ? આ પ્રશ્નનો ઉત્તર આ ગાથા દ્વારા આપવામાં આવ્યો છે.

આ લોકમાં છ દ્રવ્ય છે, તે પરિણામસ્વભાવી છે, તેથી તે પ્રતિસમય પરિણમિત થતા રહે છે. તેમના પરિણમનથી લોકના પણ પરિણામ જાણવા જોઈએ.

જુઓ, પ્રથમ નિત્ય દ્રવ્યની વાત કરી ત્યારબાદ તેના પરિણામની વાત કરવામાં આવી છે. આ પ્રકારે ક્રમસર વાત કહી છે. છએ દ્રવ્યો છે તે પરિણામસ્વભાવવાળા છે, દ્રવ્યને કોઈ બીજું દ્રવ્ય પરિણમિત કરાવવાવાળું નથી, પરંતુ સમસ્ત દ્રવ્ય સ્વભાવથી જ પરિણામી છે. છ દ્રવ્યોને ન માનવાવાળો સર્વજ્ઞને માનતો નથી. કાળ પણ મૂળ દ્રવ્ય છે. છએ દ્રવ્ય વસ્તુસ્વરૂપથી નિત્ય રહી પ્રતિસમય પરિણમિત થાય છે–એવો એનો સ્વભાવ

આધાકરમ ઇત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,
તે કેમ ‘જ્ઞાની’ કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે? ૨૮૬. –શ્રી સમયસાર

છે. સિદ્ધ ભગવાનને કાળ દ્રવ્યને લીધે પરિણમિત થવું પડે છે—એમ નથી. અનંત અલોક, તેની મધ્યમાં લોક, તે લોક છ દ્રવ્યસ્વરૂપ છે. તે છએ દ્રવ્ય નિત્ય હોવાથી લોક પણ નિત્ય છે અને તે છએ દ્રવ્ય પરિણામસ્વભાવી છે, તેના પરિણમનથી લોકના પણ પરિણામ જાણવા જોઈએ. આ પ્રકારે નિત્ય અને પરિણામી—એમ બે વાત કરીને વસ્તુનું સ્વરૂપ બતાવ્યું છે.

જગતના જીવ, પરિણામસ્વભાવી છે; તેથી કોઈ કોઈને મારી કે બચાવી શકતું નથી. શરીરના પરિણામ શરીરથી થાય છે, આત્મા તેનો કર્તા નથી. છએ દ્રવ્યોમાં દ્રવ્યત્વ ગુણ છે, તેના કારણે તે પ્રતિસમય નવી-નવી દશારૂપ પરિણમિત થાય છે. કોઈ એમ માને કે હું તેને પરિણમિત કરાવું છું તો તે મિથ્યાદષ્ટિ છે. જીવ શું કરે છે ? જાણવા-દેખવાના પરિણામ કરે છે. અજ્ઞાની જીવ એમ અભિમાન કરે કે મેં તેને બચાવ્યો, મારાથી તેનું મરણ થયું, ધર્મી સમ્યગ્દષ્ટિ તો જાણે કે હું તો જ્ઞાનસ્વભાવી છું અને સંપૂર્ણ લોક મારું જ્ઞેય છે. આ પ્રકારે છએ દ્રવ્ય પ્રતિસમય પરિણમિત થાય છે.

જુઓ, કર્મના કારણે આત્માના પરિણામ થાય છે—એ વાત નથી. શત્રુના કારણે ભયના પરિણામ થાય છે—એમ પણ નથી. લોકને કોઈનો ટેકો નથી અથવા તેનો કોઈ કર્તા નથી તથા લોકના કોઈપણ દ્રવ્યના પરિણામનો કોઈ બીજો કર્તા નથી. લોકમાં ભલે છએ દ્રવ્યો એક ક્ષેત્રમાં રહેતા હોવા છતાં કોઈ કોઈનો કર્તા નથી. પ્રત્યેક દ્રવ્ય સ્વયં પરિણામસ્વભાવી છે—આવો સ્વભાવ જાણવાથી જ્ઞાનસ્વભાવ પર દૃષ્ટિ જવાથી પરનું અભિમાન મટી જાય છે.

દ્રવ્ય છે, તે પરિણામસ્વભાવી છે અને દ્રવ્યોનો સમુદાય લોક કહેવાય છે, તેથી દ્રવ્યોના પરિણામ તે લોકના પણ પરિણામ છે; જેમ ત્રિકાળી દ્રવ્યને કોઈ કરતું નથી તેમ તેની પર્યાયને પણ કોઈ કરતું નથી.

પ્રશ્ન : પરિણામ એટલે શું ?

ઉત્તર : પરિણામ એટલે પર્યાય, અવસ્થા. દ્રવ્ય પહેલા એક અવસ્થારૂપ હતું, તે અવસ્થા પલટીને બીજી અવસ્થારૂપ થયું—તેનું નામ પરિણામ અર્થાત્ પર્યાય છે. લાકડી નીચે હતી તે ઊંચી થઈ તે તેના પરિણામ છે. વસ્તુની વર્તમાન અવસ્થાને પરિણામ કહે છે. દ્રવ્ય પોતે એક પરિણામ બદલીને બીજા પરિણામરૂપ થાય છે; કોઈ અન્ય તે

**ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,**
**તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને? ૨૮૭.　　–શ્રી સમયસાર**

પરિણામને કરાવતો નથી. દ્રવ્ય તો હંમેશા નિત્ય એકરૂપ રહે છે અને તેની પર્યાય પ્રતિસમય બદલતી રહે છે. હું પરની પર્યાયને બદલું અથવા મારી પર્યાયને બીજો કોઈ બદલી દેશે—આમ માનવાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે. પરજીવની દયાના ભાવ થાય છે, તે પુણ્ય છે પરંતુ તે સમયે કોઈ એમ માને કે મારા ભાવને કારણે મેં અન્ય જીવને બચાવ્યો તો તેને મિથ્યાત્વનું મહાપાપ પણ સાથે જ બંધાય છે. જ્ઞાનીને શુભભાવ તો આવે છે પરંતુ તેને વસ્તુસ્વરૂપનું ભાન છે કે મારા કારણે પરજીવ બચતો અથવા મરતો નથી. શુભભાવ આવ્યો એટલે ત્યાં મિથ્યાત્વ જ થઈ જાય—એમ નથી.

દ્રવ્ય સ્વયં એક અવસ્થાથી બદલીને બીજી અવસ્થારૂપ થાય છે; જેમ કે માટી પિંડરૂપ અવસ્થામાંથી બદલીને ઘડારૂપ અવસ્થા થઈ. લોટ હતો તે બદલીને રોટલી થઈ—એ બંને પરમાણુના પરિણામ છે. કોઈ કુંભાર ઘડાનો કર્તા નથી અને બાઈ-સ્ત્રી રોટલીની કર્તા નથી. પરિણામને વસ્તુ સ્વયં જ કરે છે; આ પ્રકારે પ્રત્યેક વસ્તુના પરિણામ સમજવા જોઈએ.

લોકનો આકાર એમને એમ રહેવા છતાં તેના પરિણામ દરેક સમયે પલટે છે. લાકડી સ્થૂળરૂપથી એમને એમ રહે છે પરંતુ એક સેકંડમાં તેની અસંખ્ય અવસ્થાઓ પલટી જાય છે. છએ દ્રવ્યની પર્યાય પલટવા છતાં પણ લોકનો આકાર નિત્ય એકરૂપ છે.

હવે લોકના વિસ્તારને કહે છે—

**सत्तेक्कपंचइक्का मूले, मज्झे तहेव बंभंते।**
**लोयंते रज्जूओ, पुव्वावरदो य वित्थारो ॥११८॥**

અર્થ :—લોકનો પૂર્વ-પશ્ચિમ દિશામાં મૂળમાં (નીચે) અને મધ્યમાં ક્રમથી સાત રાજૂ અને એક રાજુ વિસ્તાર છે. ઉપર બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ વિસ્તાર છે તથા લોકના અંતમાં એક રાજુનો વિસ્તાર છે.

ભાવાર્થ :—આ લોકના નીચલા ભાગમાં પૂર્વ-પશ્ચિમદિશામાં સાત રાજુ પહોળો છે. ત્યાંથી અનુક્રમે ઘટતો-ઘટતો મધ્યલોકમાં એક રાજુ રહે છે, પછી ઉપર અનુક્રમે વધતો-વધતો બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ પહોળો થાય છે. પછી ઘટતો-ઘટતો અંતમાં એક રાજુ રહે છે. એ પ્રમાણે થતાં દોઢ મૃદંગ ઊભાં મૂકીએ તેવો લોકનો આકાર થાય છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)

**જયમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.** **–શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર
## પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આત્મા કેવી રીતે આરાધીએ છીએ તે બતાવે છે :—

આત્મા શક્તિએ પૂર્ણ જ્ઞાનવાળો છે. આત્મા પરમાર્થનિધાન છે. પરનો પરમાર્થ કોઈ કરતું નથી. પરમાર્થ પોતામાંથી નીકળે છે. કોઈનું કલ્યાણ કરી દઉં એ માન્યતા અજ્ઞાન છે. પોતે કલ્યાણસ્વરૂપ છે તેને આરાધવો. દયા-દાનાદિ પરિણામ રાગ છે કલ્યાણ નથી. વળી પોતે સુખવાન છે, તેનું સુખ કદી કરમાતું નથી. વળી પોતે મુક્તિની ખાણ છે, તેના સ્વરૂપનું આરાધન કરવું, વળી આત્મામાં શરીર, મન, વાણી નથી. શરીર તો લોહી–માંસનું બનેલું છે, પુણ્ય-પાપ પણ મેલ છે. નિત્યાનંદ વસ્તુ નિરુપાધિમય છે. એવા આત્માની સમાધિને સાધીએ ને આરાધીએ.

આત્મા ઈન્દ્રિયોથી જણાય એવો નથી માટે અલખ છે, રાગ કે વ્યવહારથી પણ જણાય એવો નથી. જેમ સૂર્ય જન્મતો નથી ને મરતો નથી, તેમ આત્મા કદી જન્મતો નથી તેમ જ મરતો નથી, માટે અજ છે. ચૈતન્યસૂર્ય તો પ્રકાશમય છે. જે છે તેને આવરણ ન હોય અને જે ન હોય તેને આવરણ ન હોય. પર્યાયમાં આવરણ છે, તેની વાત ગૌણ છે. અહીં સ્વભાવની વાત છે. વળી આત્માનું રૂપ આનંદ છે, તે અમૃતથી ઘડાયેલી મૂર્તિ છે, અતીન્દ્રિય પ્રભુ આત્મા છે, દર્શન, જ્ઞાન, ચારિત્રનો સમૂહ છે. આત્માના સ્વરૂપમાં વિકાર નથી માટે અવિકારી છે. તેમાં અંધકાર નથી. તે જ્ઞાનપ્રકાશનો પુંજ છે. સર્વ દુઃખથી રહિત છે. સ્વરૂપમાં દુઃખ નથી. ત્રિકાળી સ્વભાવે સંસાર અથવા દુઃખને કદી ગ્રહણ કર્યું નથી તો પછી તેને છોડે ક્યારે ? એટલે કે છોડવાનું રહેતું નથી. વળી બાધારહિત છે. કર્મ તેને બાધા ઉપજાવતું નથી. પર્યાયમાં પોતે બાધા કરે તો કર્મ નિમિત્ત કહેવાય, વસ્તુમાં બાધા નથી. પોતે મહિત અર્થાત્ પૂજ્ય છે. પોતાનું પૂજનિક પદ ન જાણે ને પરને જ પૂજનિક જાણે તો તેનો વ્યવહાર પણ સાચો નથી. આત્મામાં મીઠો રસ ભરેલો છે. વિકારને ગૌણ કરીને વાત કરેલ છે. આનંદ-રસ સહિત તથા અનંત સ્વભાવની શક્તિ સહિત છે. વળી નિરંશી છે, અખંડ અભેદ છે,

**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.**　　**–શ્રી સમયસાર**

વળી કર્મનો નાશ કરનાર છે, વળી લાયક જીવને તે ચિદાનંદ આત્મા આધારરૂપ છે; નાલાયક જીવને આત્મા બેસતો નથી. તેથી ભવ્ય જીવનો આધાર આત્મા છે એમ કહ્યું છે. વ્યવહારરત્નત્રય આધાર નથી. પરમાણુને પણ પોતાનો આધાર છે, તે જડ છે, તેને તેના ગુણની ખબર નથી, છતાં પોતાનાં આધારે ટકે છે. એનું જ્ઞાન કરનાર આત્મા નિરાલંબી છે. તેને કોઈનો આધાર નથી. વળી ભવનો પાર કરનાર આત્મા છે. વ્યવહારરત્નત્રય ભવનો પાર કરતા નથી. વળી આત્મા જગતનો સાર છે. આખી દુનિયામાં સારરૂપ એક આત્મા જ છે; પૈસા, આબરૂ, ઈન્દ્રપદ વગેરે અસાર છે. વળી આત્મા દુર્નિવાર દુઃખનો નાશ કરનાર છે. એવા આત્માની દૃષ્ટિ ને અનુભવ કરવો તે ભવના નાશનો ઉપાય છે. ગૃહસ્થ કે મુનિ—બધા માટે એક જ રસ્તો છે.

વળી પોતામાં અધૂરાશ ટાળી પૂર્ણ પદને કરે ને પુણ્ય-પાપના ભવતાપનો નાશ કરી સ્વપદને પૂરે. અજ્ઞાની જીવ પોતાની માનીતી સ્ત્રી વગેરેનાં વખાણ હોંશથી કરે છે. અહીં કહે છે કે તારા આત્માનાં ગાણાં ગવાય છે, તે હોંશથી સાંભળ. પોતાના આત્મપદને જાણતાં ને અંતરની ઓળખાણ કરતાં પોતે ચિદાનંદ દેખાય છે.

કેવો છે ભગવાન આત્મા ? સદા સુખનો કંદ છે. જેમ સુરણની ગાંઠ હોય છે, તેમ ચિદાનંદ સુખની મોટી ગાંઠ છે, પણ રાગ-દ્વેષ કરી કરીને પોતાના આત્માને ભૂલી ગયો ને તેથી આત્મા દેખાતો નથી. જો અંદર ચિદાનંદ સ્વભાવનું બોધિબીજ વાવે તો પૂર્ણાનંદને પામે. હું જ્ઞાયક છું એવી પ્રતીતિ ને અનુભવ કરતાં પૂર્ણદશા પામે. વળી આત્મામાં સંસારના ફંદ નથી. એક સમયના સંસારને ભૂલી જા ને સ્વભાવને જો.

આ તારા આત્મભગવાનનાં ગાણાં ગવાય છે. તારા પદનાં ગાણાં ગવાય છે. આત્મા પોતાના સ્વભાવને જાણતાં વિકલ્પનો વંશ ઉત્પન્ન થતો નથી. આત્મા પુણ્ય-પાપના વંશ વિનાનો એટલે નિર્વંશી છે,—આમ નિરફંદ જાણે તો પરમાત્મપદ—અવિનાશી પદને પામે. પ્રથમ ભૂલ હતી તે ભૂલ પલટીને આનંદદશા પામે ને વસ્તુ કાયમ રહે છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની વાત આવી જાય છે. વળી જ્ઞાનાનંદની પ્રતીતિ ને લીનતા થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને લોકાલોકને જાણે છે. આમ નિર્ણય કરે તેને ભવનો નાશ થાય ને તે અવિનાશી પદને પામે. વળી ચારે અનુયોગ (વેદ) અથવા વીતરાગનો દિવ્યધ્વનિ આત્માનાં આવાં ગાણાં ગાય છે. તેને ક્યાં સુધી બતાવીએ ?

આત્મા આવી ચીજ છે. રાગથી મહિમા ગવાય તેમ નથી. વળી ભગવાન આત્મા

**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦. —શ્રી સમયસાર**

પ્રભુ વચનમાં આવે એવો નથી. પૂર્ણાનંદ પ્રભુ પરમબ્રહ્મ આત્મા પોતે વાણીગોચર નથી પણ જ્ઞાનગમ્ય છે. એનું નામ પરમપદ છે. આવા સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને અનુભવ કરવો તે અનુભવપ્રકાશ છે.

આ અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેની સન્મુખ દશા થતાં નિર્મળતા પ્રગટે તેનું નામ ધર્મ છે. ચૈતન્ય આત્મા પરમતત્ત્વ છે, સ્વાભાવિક વસ્તુ છે, તેની જ્ઞાનપર્યાય, દર્શનપર્યાય કે વીર્યપર્યાય પર તરફ જાય તે અતત્ત્વ છે. આત્મા જ્ઞાયકમૂર્તિ છે એમ માનીને સ્વભાવમાં અભેદતા થાય તે પરમતત્ત્વ છે. ભગવાન આત્મા શક્તિએ આનંદકંદ છે. દયા-દાન-વ્રત વગેરે રાગ છે તે અતત્ત્વ છે, ચૈતન્યતત્ત્વ નથી. જે જ્ઞાનપર્યાય એકલા રાગ તથા પર્યાયને જાણે તે અતત્ત્વ છે. ચિદાનંદ ભગવાન શરીર, મન, કર્મ, વાણીથી જુદો છે. પર તરફનો વિકલ્પ તથા જે જ્ઞાન પરને જ જાણે અને અટકે એવી વિપરીત કરણી સ્વરૂપમાં નથી. સ્વભાવમાં એકાગ્રતા થવી તે ધર્મ છે. પુણ્ય-પાપના ભાવો અંતરસ્વભાવમાં નથી માટે સ્વભાવના અવલંબને જે નિર્મળ દશા પ્રગટે તે અનુભવપ્રકાશ છે. વિપરીત કરણી એટલે કે વ્રત, દયા, દાન આદિના ભાવો–તે બધા રાગમય છે, શાંતિનું કારણ નથી, તે વિપરીત કરણી પરમતત્ત્વમાં નથી.

ચિદાનંદ ભગવાનનો અનુભવ તે મુક્તિની કરણી છે. એથી વિરુદ્ધભાવ ભવદુઃખની ભરણી છે ને ચોરાશીના અવતાર ઊભા કરે છે. હું જ્ઞાયકમૂર્તિ છું, શરીરાદિનો કર્તા નથી, કોઈપણ રજકણથી મને લાભ નથી; દયા, દાન, વ્રતાદિ વિકલ્પ છે, તેનો પક્ષ ભવના દુઃખને પુષ્ટ કરનાર છે, ચિદાનંદનું ભાન થતાં અંદર સ્થિરતા કરવી તે સુખનું કારણ છે.

આત્માના જ્ઞાયક સ્વરૂપને ચૂકીને પર્યાયમાં જે વૃત્તિ ઊઠે તે હિતકરણી છે, હિતને નુકશાન કરનાર છે. પુણ્ય-પાપમાં ધર્મ છે એવી માન્યતા અજ્ઞાનીએ મોહથી કરી છે, તેથી તે હિતનાશને અનુસરણી થઈ છે, પણ સ્વભાવને અનુસરણી થઈ નથી. કર્મે ભૂલ કરાવી નથી. અજ્ઞાની કર્મ ઉપર દોષ નાખે છે. પુણ્ય-પાપના ભાવો હિતના હરનારા છે, તેને અનુસરવાનું મિથ્યાભાવે કર્યું છે, જ્ઞાનભાવ તેને અનુસરે નહિ. જગતના અજ્ઞાની જીવોને તે મીઠી લાગે છે, અજ્ઞાનીને ઊંધી માન્યતાના કારણે ચોરાશીના અવતાર ગમે છે, તેને પુણ્ય-પાપની કરણી ભાવી છે. જેમ વિષ્ટાના કીડાને વિષ્ટા ગમે છે તેમ અજ્ઞાનીને પુણ્ય-પાપ રુચે છે. પુણ્ય-પાપના ભાવ દુઃખદાયક છે છતાં સુખદાયક લાગે છે.

આ વાત સત્ય છે. ઓળખાણ કર, સ્વભાવસન્મુખ ઉપાય કર–એ એક જ ધર્મનો માર્ગ છે. પ્રથમ સત્યની શ્રદ્ધા કરાવે છે.　　　　　　　(ક્રમશઃ) ❋

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ધર્મ માટે પહેલાં શું કરવું ?

આ કર્તા-કર્મ અધિકારની છેલ્લી ગાથા છે, આ ગાથામાં જિજ્ઞાસુને માર્ગ બતાવ્યો છે. માણસો કહે છે કે આત્માનું કાંઈ ન સમજાય તો પુણ્યના શુભભાવ તો કરવા કે નહિ ? તેનો ઉત્તર :—પ્રથમ સ્વભાવ સમજવો તે જ ધર્મ છે. ધર્મ વડે જ સંસારનો અંત આવે છે, શુભભાવથી ધર્મ થાય નહિ અને ધર્મ વગર સંસારનો અંત આવે નહિ. ધર્મ તો પોતાનો સ્વભાવ છે, માટે પહેલાં સ્વભાવ સમજવો જોઈએ. શુભભાવ થાય ખરા, પણ તે કર્તવ્ય નથી. શુભ-અશુભભાવ તો અનાદિકાળથી કરતો આવે છે, તે કાંઈ ધર્મનો ઉપાય નથી. પણ તે શુભ-અશુભભાવથી રહિત જ્ઞાનસ્વભાવી આત્માની ઓળખાણ કરવી તે જ ધર્મ છે.

પ્રશ્ન :—સ્વભાવ ન સમજાય તો શું કરવું ? સમજતાં વાર લાગે તો શું અશુભભાવ કરવા ?

ઉત્તર :—પ્રથમ તો રુચિથી પ્રયત્ન કરે તેને આ વાત ન સમજાય એમ બને જ નહિ. સમજતાં વાર લાગે ત્યાં સમજણના લક્ષે અશુભભાવ ટાળી શુભભાવ કરવાની ના નથી, પરંતુ શુભભાવથી ધર્મ થતો નથી—એમ જાણવું. જ્યાં સુધી કોઈ પણ જડ વસ્તુની ક્રિયા અને રાગની ક્રિયાને જીવ પોતાની માને ત્યાં સુધી તે સાચી સમજણના માર્ગે નથી.

## સુખનો રસ્તો સાચી સમજણ; વિકારનું ફળ જડ.

જીવને જો આત્માની સાચી રુચિ થાય તો તે સમજણનો રસ્તો લીધા વગર રહે નહિ; સત્ય જોઈતું હોય, સુખ જોઈતું હોય તો આ જ રસ્તો છે. સમજતા ભલે વાર લાગે, પરંતુ માર્ગ તો સાચી સમજણનો લેવો જોઈએ ને ? સાચી સમજણનો માર્ગ લ્યે તો સત્ય સમજાયા વગર રહે જ નહિ. જો આવા મનુષ્ય દેહમાં અને સત્સમાગમના યોગે પણ સત્ય ન સમજે તો ફરી સત્યનાં આવા ટાણાં મળવાં દુર્લભ છે. હું કોણ છું તેની જેને ખબર નથી અને અહીં જ સ્વરૂપ ચૂકી જાય છે તે પરભવમાં જ્યાં જશે ત્યાં શું કરશે ? સ્વરૂપના ભાન વગર શાંતિ ક્યાંથી લાવશે ? આત્માના ભાન વગર કદાચ

**બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,**<br>**ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧. –શ્રી સમયસાર**

શુભભાવ કર્યા હોય તોપણ તે શુભનું ફળ જડમાં જાય છે, આત્મામાં પુણ્યનું ફળ આવતું નથી. જેણે આત્માની દરકાર કરી નથી અને અહીં જ જે મૂઢ થઈ ગયો છે તે કદાચ શુભભાવ કરે તો રજકણો બંધાશે અને તે રજકણોના ફળમાં પણ રજકણોનો જ સંયોગ મળવાનો, રજકણોનો સંયોગ મળે તેમાં આત્માને શું? આત્માની શાંતિ તો આત્મામાં છે, પરંતુ તેની તો દરકાર કરી નથી.

## અસાધ્ય કોણ અને શુદ્ધાત્મા કોણ?

જે જીવ અહીં જ જડનું લક્ષ કરીને જડ જેવો થઈ ગયો છે, મરતાં જ પોતાને ભૂલીને સંયોગદૃષ્ટિથી મરે છે, અસાધ્યપણે વર્તે છે એટલે ચૈતન્યસ્વરૂપનું ભાન નથી, તે જીવતાં જ અસાધ્ય છે. ભલે, શરીર હાલે-ચાલે-બોલે, પણ એ તો જડની ક્રિયા છે, તેનો ધણી થયો પણ અંતરમાં સાધ્ય જે જ્ઞાનસ્વરૂપ તેની જેને ખબર નથી તે અસાધ્ય (જીવતું મડદું) છે. વસ્તુનો સ્વભાવ યથાર્થપણે સમ્યગ્દર્શનપૂર્વકના જ્ઞાનથી ન સમજે તો જીવને સ્વરૂપનો કિંચિત્ લાભ નથી. સમ્યગ્દર્શન—જ્ઞાન વડે સ્વરૂપની ઓળખાણ અને નિર્ણય કરીને જે ઠર્યો તેને જ 'શુદ્ધ આત્મા' એવું નામ મળે છે, અને શુદ્ધાત્મા એ જ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે; 'હું શુદ્ધ છું' એવો વિકલ્પ છૂટીને એકલો આત્મઅનુભવ રહી જાય તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ કાંઈ આત્માથી જુદાં નથી.

સત્ય જેને જોઈતું હોય તેવા જિજ્ઞાસુ સમજુ જીવને કોઈ અસત્ય કહે તો તે અસત્યની હા પાડી દે નહિ,—તે અસત્નો સ્વીકાર ન કરે. જેને સત્સ્વભાવ જોઈતો હોય તે સ્વભાવથી વિરુદ્ધભાવની હા ન પાડે—તેને પોતાનાં ન માને. વસ્તુનું સ્વરૂપ શુદ્ધ છે તેનો બરાબર નિર્ણય કર્યો અને વૃત્તિ છૂટી જતાં જે અભેદ શુદ્ધ અનુભવ થયો તે જ સમયસાર છે, અને તે જ ધર્મ છે. આવો ધર્મ કેવી રીતે થાય, ધર્મ કરવા માટે પ્રથમ શું કરવું? તે સંબંધી આ કથન ચાલે છે.

## ધર્મની રુચિવાળા જીવ કેવા હોય?

ધર્મને માટે પહેલાંમાં પહેલાં શ્રુતજ્ઞાનનું અવલંબન લઈ શ્રવણ-મનનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો કે હું એક જ્ઞાનસ્વભાવ છું, મારા જ્ઞાનસ્વભાવમાં જ્ઞાન સિવાય કાંઈ કરવા-મૂકવાનો સ્વભાવ નથી. આ પ્રમાણે સત્ સમજવામાં જે કાળ

> બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,
> ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨. –શ્રી સમયસાર

જાય છે તે પણ અનંતકાળે નહિ કરેલો એવો અપૂર્વ અભ્યાસ છે. જીવને સત્ તરફની રુચિ થાય એટલે વૈરાગ્ય જાગે અને આખા સંસાર તરફની રુચિ ઊડી જાય. ચોરાશીના અવતારનો ત્રાસ થઈ જાય કે 'આ ત્રાસ શા? સ્વરૂપનું ભાન નહિ અને ક્ષણે ક્ષણે પરાશ્રય ભાવમાં રાચવું આ તે કાંઈ મનુષ્યના જીવન છે? તિર્યંચ વગેરેનાં દુઃખની તો વાત જ શી, પરંતુ આ મનુષ્યમાં પણ આવા જીવન? અને મરણ ટાણે સ્વરૂપના ભાન વગર અસાધ્ય થઈને મરવું?' આ પ્રમાણે સંસારનો ત્રાસ થતાં સ્વરૂપ સમજવાની રુચિ થાય. વસ્તુ સમજવા માટે જે કાળ જાય તે પણ જ્ઞાનની ક્રિયા છે, સત્નો માર્ગ છે.

જિજ્ઞાસુઓએ પ્રથમ જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. હું એક જાણનાર છું, મારું સ્વરૂપ જ્ઞાન છે, તે જાણવાવાળું છે, પુણ્ય-પાપ કોઈ મારા જ્ઞાનનું સ્વરૂપ નથી, પુણ્ય-પાપના ભાવ કે સ્વર્ગ-નરક આદિ કોઈ મારો સ્વભાવ નથી—એમ શ્રુતજ્ઞાન વડે આત્માનો પ્રથમ નિર્ણય કરવો તે જ પ્રથમ ઉપાય છે.

## ઉપાદાન-નિમિત્ત અને કારણ-કાર્ય

(૧) સાચા શ્રુતજ્ઞાનના અવલંબન વિના અને (૨) શ્રુતજ્ઞાનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યા વિના આત્મા અનુભવમાં આવે નહિ. આમાં આત્માનો અનુભવ કરવો તે કાર્ય છે, આત્માનો નિર્ણય તે ઉપાદાન કારણ છે અને શ્રુતનું અવલંબન તે નિમિત્ત છે. શ્રુતના અવલંબનથી જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો તેનું ફળ, તે નિર્ણય અનુસાર આચરણ અર્થાત્ અનુભવ કરવો તે છે. આત્માનો નિર્ણય તે કારણ અને આત્માનો અનુભવ તે કાર્ય એ રીતે અહીં લીધું છે, એટલે જે નિર્ણય કરે તેને અનુભવ થાય જ એમ વાત કરી છે.

## અંતર અનુભવનો ઉપાય અર્થાત્ જ્ઞાનની ક્રિયા

હવે, આત્માનો નિર્ણય કર્યા પછી તેનો પ્રગટ અનુભવ કઈ રીતે કરવો તે બતાવે છે. નિર્ણય અનુસાર જ્ઞાનનું આચરણ તે અનુભવ છે. પ્રગટ અનુભવમાં શાંતિનું વેદન લાવવા માટે એટલે આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે પરપદાર્થની પ્રસિદ્ધિના કારણને છોડી દેવા જોઈએ. પ્રથમ 'હું જ્ઞાનાનંદસ્વરૂપી આત્મા છું' એમ નિશ્ચય કર્યા પછી આત્માના આનંદનો પ્રગટ ભોગવટો કરવા (—વેદન કરવા—નિર્વિકલ્પ અનુભવ કરવા) માટે, પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇન્દ્રિય અને મન દ્વારા પરલક્ષે પ્રવર્તતું જ્ઞાન તેને સ્વ

બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,
જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩. —શ્રી સમયસાર

તરફ વાળવું, દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પરપદાર્થ તરફનું લક્ષ તથા મનના અવલંબને પ્રવર્તતી બુદ્ધિ અર્થાત્ મતિજ્ઞાન તેને સંકોચીને—મર્યાદામાં લાવીને પોતાના તરફ વાળવું, તે અંતર્અનુભવનો પંથ છે, અને તે જ સહજ શીતળસ્વરૂપ અનાકુળ સ્વભાવની છાયામાં પેસવાનું પગથિયું છે.

પ્રથમ હું આત્મા જ્ઞાનસ્વભાવ છું એવો બરાબર નિશ્ચય કરીને, પછી પ્રગટ અનુભવ કરવા માટે, પર તરફ વળતાં મતિ અને શ્રુતજ્ઞાનને સ્વ તરફ એકાગ્ર કરવાં, જે જ્ઞાન પરમાં વિકલ્પ કરીને અટકે છે તે જ્ઞાનને ત્યાંથી ખસેડીને સ્વભાવમાં વાળવું. મતિ અને શ્રુતજ્ઞાનના જે ભાવ છે તે તો જ્ઞાનમાં જ રહે છે, પરંતુ પહેલાં તે પર તરફ વળતાં, હવે તેને આત્મસન્મુખ કરતાં સ્વભાવનું લક્ષ થાય છે. આત્માના સ્વભાવમાં એકાગ્ર થવાના આ ક્રમસર પગથિયાં છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૧ થી ચાલુ)

હવે, આ લોકનો આકાર તથા તેના માપને કહે છે.

આ લોક નીચેના ભાગમાં પૂર્વ-પશ્ચિમ દિશામાં સાત રાજૂ જેટલો લાંબો છે, ત્યાંથી ઘટતો-ઘટતો મધ્યલોકમાં એક રાજૂ રહે છે; ત્યારબાદ વધતો વધતો બ્રહ્મસ્વર્ગના અંત સુધી પાંચ રાજૂ લાંબો થાય છે, ત્યાંથી ઘટતા-ઘટતા અંતમાં એક રાજૂ રહે છે. આ પ્રમાણે ઉભા મૂકેલા દોઢ મૃદંગ સમાન લોકનો આકાર છે.

જુઓ, આ લોક કોઈના દ્વારા બનાવેલો નથી; કોઈ તેનો નાશ કરતો નથી. તેને જેવો છે, તેવો જાણવો આત્માનો સ્વભાવ છે—એમ વિચારીને ધર્મી જીવને જ્ઞાનસ્વભાવના અવલમ્બનથી શુદ્ધતા વર્તે છે અને સંવર-નિર્જરારૂપ ધર્મ થાય છે; તેથી આ ભાવનાઓનું વર્ણન છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન છે, જ્ઞાનમાં સમસ્ત લોક-અલોકને જાણવાનું સામર્થ્ય છે. જેવું લોકનું સ્વરૂપ છે, તેવું જ જાણવું ત્યારે જ્ઞાન યથાર્થ કહેવાય છે. અહીં તો સર્વજ્ઞે જેવો લોક દેખ્યો તેનું વર્ણન છે. તેનાથી ઊંધી માન્યતાવાળા જીવને જ્ઞાનસ્વભાવનું ભાન નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ, સ્વભાવના ભાનપૂર્વક લોકના સ્વરૂપનો વિચાર કરે છે. (ક્રમશઃ) ❊

**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪. –શ્રી સમયસાર**

# જો–જો !

## રત્ન ફેંકી દેશો નહિ

એક માણસ દરિયાકિનારે બેઠો હતો.

એના હાથમાં અચાનક એક થેલી આવી. અંધકારમાં થેલીના ગોળ પાંચિકા સાથે તે રમત કરવા લાગ્યો; એક પછી એક પાંચિકો લઈને સમુદ્રમાં ફેંકવા લાગ્યો....ફેંકતા–ફેંકતા છેલ્લો પાંચિકો હાથમાં લઈને જ્યાં ફેંકવા જાય છે ત્યાં તો કોઈ સજ્જન પુરુષે અવાજ કર્યો; સબુર ! સબુર ! ફેંકી દઈશ નહિ....તારા હાથમાં છે તે પત્થર નથી, એ તો ઘણો કિમતી હીરો છે !

થોડો પ્રકાશ થયો હતો; સજ્જનના વચન ઉપર વિશ્વાસ લાવીને પ્રકાશમાં તે માણસે હાથમાં રહેલ વસ્તુ સામે જોયું તો તે આભો જ બની ગયો...ઝગઝગાટ કરતું મહાન રત્ન તેના હાથમાં હતું. તે વિચારવા લાગ્યો–અરેરે, હું કેવો મૂર્ખો ! આવા રત્નોની તો આખી થેલી ભરી હતી ને મેં અજ્ઞાનપણે મૂર્ખાઈથી રમતમાં ને રમતમાં તે બધાય રત્નો દરિયામાં ફેંકી દીધા...અરેરે ! હાથમાં આવેલ અમૂલ્ય નિધાનને અજ્ઞાનથી હું ગુમાવી બેઠો !–આમ તે રુદન કરવા લાગ્યો.

ત્યારે સજ્જને તેને કહ્યું : ભાઈ તું મુઝા મા ! તું બધું નથી હારી બેઠો....હજી પણ એક રત્ન તારા હાથમાં છે. તે રત્ન પણ એવું કિમતી છે કે તું તેની કિંમત સમજીને બરાબર સદુપયોગ કર તો આખી જિંદગી તને સુખસમ્પત્તિ મળી રહેશે. આ એક રત્નથી પણ તારું કાર્ય સરી જશે. માટે, જે રત્નો ગયા તેનો અફસોસ છોડીને, હજી જે રત્ન હાથમાં છે તેનો સદુપયોગ કરી લે. ‘જાગ્યા ત્યારથી સવાર.’

(તે માણસે હાથમાં બચેલા એક રત્નનો સદુપયોગ કર્યો ને તે સુખી થયો.)


વીર બંધુઓ ! આ વાત કોની છે–ખબર છે ? બીજા કોઈની નહિ પણ તમારા પોતાના જીવનની જ આ વાત છે.

‘હેં !–જી હા ! સાંભળો–

તમે આ સંસારસમુદ્રના કિનારે બેઠા છો. હજી જ્ઞાનસૂર્ય ઊગ્યો નથી એટલે અંધારું છે.

જેમ તે માણસના હાથમાં રત્નભરેલી થેલી આવી, તેમ તમને આ સંસારમાં ઘણી-ઘણીવાર રત્નચિંતામણિ જેવા મનુષ્ય અવતાર મળ્યા. પણ તે મનુષ્ય અવતારમાં શું કરવા જેવું છે તેના ભાન વિના, બેભાનપણે વિષય-કષાયોની રમતમાં ને રમતમાં

તમે મનુષ્યભવરૂપી રત્નને સંસારના દરિયામાં ફેંકી દીધું; એક પછી એક—એમ અનંતા મનુષ્યભવને દરિયામાં ફેંકી દીધા....ને વ્યર્થ ગુમાવ્યા. હજી આ અમૂલ્ય મનુષ્યભવ તમારા હાથમાં છે....



જ્ઞાની—સંતો તમને સાદ પાડીને કહે છે કે સબુર ! સબુર ! આ મનુષ્યભવને વિષય-કષાયોમાં ફેંકી ન દઈશ. આ મનુષ્ય અવતાર કાંઈ વિષયકષાયો માટે નથી, આ મનુષ્ય અવતાર તો આત્માનું અપૂર્વ કલ્યાણ કરવા માટે ચિંતામણિ-રત્ન સમાન છે... તારું હિત કરવાનો અવસર હજી તારા હાથમાં છે,—જો જે ! ફેંકી ન દેતો !

જૈનધર્મના સત્ય દેવ-ગુરુ ઉપર જેને વિશ્વાસ છે અને જેને મુમુક્ષુપણાનો કંઈક પ્રકાશ જાગ્યો છે—એવો જિજ્ઞાસુ જીવ જ્યાં પોતાના જીવનનો (અનંતભવનો) વિચાર કરે છે ત્યાં તે આભો બની જાય છે કે અરે ! કેટલા બધા ભવ મેં નકામા ફેંકી દીધા ? આવા મનુષ્ય અવતારમાં આવા મજાના દેવ-ગુરુ-ધર્મ મને મળ્યા છે—તે અમૂલ્ય રત્નો છે. મારા હાથમાં આવા રત્નો આવ્યા છે. હજી મનુષ્યભવમાં હિતનો અવસર છે. તો હવે આ અવસરને હું પાપમાં નહીં ગુમાવું. અરેરે, મેં કેવી મૂર્ખાઈ કરી કે આટલા બધા ભવો અજ્ઞાનપણે મુર્ખાઈથી મેં રાગ-દ્વેષની રમતમાં નકામા ગુમાવી દીધા !

સંત-જ્ઞાની કહે છે : ભાઈ ! તું મુંઝા માં ! હજી તું બધું નથી હારી બેઠો....હજી પણ જૈનધર્મનું રત્ન તારા હાથમાં છે....ને રત્ન કેવું કિમતી છે કે, તું તેની કિંમત બરાબર સમજીને સદુપયોગ કર, એટલે કે તેમાં કહ્યા પ્રમાણે ઉત્તમ આચરણ વડે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ સમજ તો આખી જીંદગી ને ભવિષ્યમાં સદાકાળ તને આત્માની અપૂર્વ શાંતિ મળશે. અનંતભવનું સાટું આ એક ભવમાં વળી જશે. તારા હાથમાં રહેલો આ એક ભવ પણ આત્માની સાધના અર્થે વીતાવ તો તારું અપૂર્વ કલ્યાણ થઈ જશે. માટે જે ભવો વીત્યા તેનો અફસોસ છોડીને, હજી ધર્મનો જે અવસર અત્યારે તારા હાથમાં છે તેનો ઉત્તમ સદુપયોગ કરી લે. 'જાગ્યા ત્યાંથી સવાર.'

"દેવ-શાસ્ત્ર-ગુરુ રતન શુભ તીન રતન કરતાર"
એવું રત્ન હાથમાં જ છે....તેનો સદુપયોગ કરીને સુખી થાવ.

यह मानुषपर्याय, सुकुल सुनिवो जिनवाणी,
इहविधि गये न मिले, सुमणि ज्यों उदधि समानी ।

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—શાસ્ત્ર દ્વારા મનથી આત્મા જાણ્યો હોય તેમાં આત્મા જણાયો છે કે નહિ?

ઉત્તર :—એ તો શબ્દજ્ઞાન થયું, આત્મા જણાયો નથી. આત્મા તો આત્માથી જણાય છે. શુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે પણ અશુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે નહિ અને આનંદ આવ્યા વિના આત્મા ખરેખર જાણવામાં આવતો નથી.

પ્રશ્ન :—શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન થયા તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે?

ઉત્તર :—અનંત ગુણો ફેર છે. શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે, તેથી એ બેમાં મોટો ફેર છે.

પ્રશ્ન :—શું ઈન્દ્રિયજ્ઞાન આત્મજ્ઞાનનું કારણ નથી?

ઉત્તર :—અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ થાય એ જ્ઞાન પણ ખંડખંડ જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, ઈન્દ્રિયજ્ઞાન તે આત્મા નહિ. આંખથી હજારો શાસ્ત્રો વાંચ્યા કે કાનથી સાંભળ્યાં તે ઈન્દ્રિયજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિયજ્ઞાનથી જાણનારો છે. ઈન્દ્રિયજ્ઞાનથી જાણે તે આત્મા નહિ. આત્માને જાણતા જે આનંદનો સ્વાદ આવે છે તે સ્વાદ ઈન્દ્રિયજ્ઞાનથી આવતો નથી તેથી ઈન્દ્રિયજ્ઞાન તે આત્મા નહિ.

પ્રશ્ન :—અનુમાનજ્ઞાનથી આત્મા જાણનારને પર્યાયમાં ભૂલ છે કે આત્મા જાણવામાં ભૂલ છે?

ઉત્તર :—અનુમાન જ્ઞાનવાળાએ આત્મા યથાર્થ જાણ્યો જ નથી. આત્માને

જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,
ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫. –શ્રી સમયસાર

જાણવામાં ભૂલ છે. સ્વાનુભવ પ્રત્યક્ષથી જ આત્મા જેવો છે તેવો જાણવામાં આવે છે. અનુમાનથી તો શાસ્ત્રને સર્વજ્ઞ કહે છે તેવો આત્મા જાણે છે, પણ યથાર્થ તો સ્વાનુભવમાં જ જણાય છે. સ્વાનુભવથી જાણ્યા વિના આત્મા યથાર્થ જાણવામાં આવતો નથી.

પ્રશ્ન :—ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી તો પછી આપ જ બતાવો કે તે આત્મા કેમ જાણવામાં આવે?

ઉત્તર :—ભગવાનની વાણી એ શ્રુત છે–શાસ્ત્ર છે. શાસ્ત્ર પૌદ્‌ગલિક છે તેથી તે જ્ઞાન નથી, ઉપાધિ છે અને એ શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે. કેમ કે તે શ્રુતના લક્ષવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન સ્વને જાણી શકતું નથી. માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સૂત્ર-શાસ્ત્ર તે જ્ઞાન નથી, વધારાની ચીજ છે–ઉપાધિ છે તેમ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે–ઉપાધિ છે. આહાહા! શું વીતરાગની શૈલી છે! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે, ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી.

પ્રશ્ન :—અગિયાર અંગ ને નવ પૂર્વના જ્ઞાનવાળો પંચ મહાવ્રતોનું પાલન કરે છતાં આત્માનું જ્ઞાન કરવામાં તેને શું બાકી રહી ગયું?

ઉત્તર :—અગિયાર અંગનું જ્ઞાન ને પંચ મહાવ્રતનું પાલન કરવા છતાં એને ભગવાન આત્માનું અખંડજ્ઞાન કરવું બાકી રહી ગયું. ખંડખંડ ઈન્દ્રિયજ્ઞાન–અગિયાર અંગનું કર્યું હતું તે ખંડખંડ જ્ઞાન પરવશ હોવાથી દુઃખનું કારણ હતું. અખંડ આત્માનું જ્ઞાન કર્યા વિનાનું અગિયાર અંગનું જ્ઞાન નાશ પામતા કાળક્રમે નિગોદમાં પણ તે જીવ ચાલ્યો જાય છે. અખંડ આત્માનું જ્ઞાન કરવું તે જ મૂળ વસ્તુ છે. એના વિના ભવભ્રમણનો અંત નથી.

પ્રશ્ન :—સૂક્ષ્મ ઉપયોગ એટલે શું?

ઉત્તર :—અંદર આત્મા ધ્રુવવસ્તુ પડી છે તેને પકડે તે ઉપયોગ સૂક્ષ્મ છે, પુણ્ય-પાપ પરિણામમાં રોકાય તે ઉપયોગ સ્થૂલ છે.

પ્રશ્ન :—ઉપયોગ સૂક્ષ્મ કેમ થાય?

ઉત્તર :—અંદરમાં આત્મવસ્તુ અચિંત્ય સામર્થ્યવાળી પડી છે તેની રુચિ કરે તો ઉપયોગ સૂક્ષ્મ થઈને અંદરમાં વળે છે.

**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.** **–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—જૈન દર્શનની દૃષ્ટિ ને જ્ઞાનની આવી અટપટી વાત સમજાતી નથી. ઘડીક આમ કહો અને ઘડીક આમ કહો?

સમાધાન :—બંનેને સંબંધ છે, દૃષ્ટિ અને જ્ઞાનની મૈત્રી છે. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે છે. દ્રવ્યદૃષ્ટિ અખંડ દ્રવ્યને ગ્રહણ કરે છે, જ્ઞાન બંનેનું હોય છે, તેથી મૈત્રી છે. દ્રવ્યસ્વભાવથી વસ્તુ અભેદ છે અને ભેદ અપેક્ષાએ ગુણના ભેદ, પર્યાયના ભેદ છે, એટલે વસ્તુ અભેદ–ભેદ બેય છે. તેથી દરેક જગ્યાએ જ્ઞાન અને દૃષ્ટિ બંનેની મૈત્રી હોય જ છે. જેમ જ્ઞાનનય અને ક્રિયાનય સાથે છે, તેમ દૃષ્ટિ અને જ્ઞાન સાથે હોય છે. વસ્તુ અનાદિ-અનંત છે, તેમાં અનંત ગુણો નથી એમ નથી. વસ્તુ સ્વભાવથી અભેદ છે, છતાં તેમાં લક્ષણભેદે ગુણ નથી? તેમાં પર્યાયો શું નથી? બધી અપેક્ષાએ વસ્તુ કૂટસ્થ છે એમ નથી. તેમાં ગુણ-પર્યાયો નથી અને એક અખંડ દ્રવ્ય જ છે એમ નથી. એક અભેદ વસ્તુ અંદરમાં અનેકાન્તમય મૂર્તિ છે. તેથી બે અપેક્ષાઓ એક દ્રવ્યમાં હોય છે અને તેથી તેની સાધનામાં પણ બે અપેક્ષા પડે છે. વસ્તુસ્વરૂપ જ અનેકાન્તમય મૂર્તિ છે.

પ્રશ્ન :—દેવ-શાસ્ત્ર-ગુરુનો અપેક્ષિત આનંદ તો આવે છે, પણ અંતરથી અતીન્દ્રિય આનંદ આવતો નથી. નિર્વિકલ્પદશામાં જેવો આનંદ આવે એવો આનંદ કેમ આવતો નથી? તો ક્યાં અટક્યા છીએ? શું ખામી છે?

સમાધાન :—પોતાના પુરુષાર્થની મંદતા છે. અંતરમાંથી અનુપમ આનંદ જે આવવો જોઈએ તે વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ થાય ત્યારે આવે છે. તે આનંદ કોઈ વિકલ્પ સહિત દશામાં આવતો નથી. આ જે વિકલ્પમાં આનંદ આવે છે, તથા જે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે છે, તે શુભભાવનો આનંદ છે. પણ જે વિકલ્પ છૂટીને આનંદ આવે તે નિર્વિકલ્પ અનુપમ આનંદ છે. વિકલ્પવાળી પર્યાયમાં તે આનંદ હોતો નથી. ચૈતન્યસ્વભાવ છે તેમાં પરિણમીને જે આનંદ આવે તે આનંદ કોઈ અનુપમ હોય છે. આનંદ નહિ પ્રગટ થવાનું કારણ પોતાના પુરુષાર્થની મંદતા છે. તેની પરિણતિ જે પર તરફ જાય છે તેને પોતે પાછી વાળતો નથી કારણ કે અનાદિનો અભ્યાસ છે, તેથી એમાં

ને એમાં પરિણતિ દોડી જાય છે. જે રોકાયો છે તે પોતાની મંદતાને કારણે છે. રુચિની એવી ઉગ્રતા કરીને જે પુરુષાર્થ પોતા તરફ વાળવો જોઈએ તે વાળતો નથી. જે પુરુષાર્થ બહારમાં કામ કરે છે તેને પોતે પલટો ખવરાવતો નથી.

વિકલ્પમાં જે પુરુષાર્થ જાય છે તે પુરુષાર્થને પલટો ખવરાવીને, નિર્વિકલ્પતામાં પર્યાયને પોતે પલટાવતો નથી માટે તે આનંદ આવતો નથી. તે આનંદ અંદર ચૈતન્યમાં જાય તો જ તેમાંથી પ્રગટ થાય છે. વિકલ્પમાં ઊભાં ઊભાં તે આનંદ આવતો નથી.

સાધકને સવિકલ્પદશામાં ભેદજ્ઞાનની ધારા હોય તેથી અંશે શાંતિ હોય છે, પણ નિર્વિકલ્પતાનો આનંદ નિર્વિકલ્પદશામાં જ હોય છે. સમ્યગ્દષ્ટિને ભેદજ્ઞાનની ધારા સહજ હોય છે. તેમાં અંશે શાંતિ–સમાધિ અને જ્ઞાયકની ધારા હોય છે, પણ અપૂર્વ આનંદ તો નિર્વિકલ્પદશામાં જ હોય છે.

જિજ્ઞાસુને ભેદજ્ઞાનની સહજધારા નથી, હજી અભ્યાસ કરે છે, એકત્વબુદ્ધિ છે. તે એકત્વને તોડે અને ભેદજ્ઞાનનો પ્રયાસ કરે તો થાય, પણ એકત્વ તોડવાનો પુરુષાર્થ કરતો નથી. જેટલી વિભાવ સાથે તેને ક્ષણે ક્ષણે એકત્વબુદ્ધિ થઈ રહી છે, તેમાં જેટલો પ્રયત્ન છે તેવી જાતની ઉગ્રતા, પુરુષાર્થ—જ્ઞાયકધારા ક્ષણે ક્ષણે પ્રગટ થાય તેવો પુરુષાર્થ નથી. વિકલ્પ સાથેની એકત્વબુદ્ધિ તીવ્ર છે, અને તે દિવસ ને રાત સદાય છે. જ્યારે જ્ઞાયકનો અભ્યાસ કોઈવાર કરે તો તેને જ્ઞાયકની પરિણતિ ક્યાંથી થાય? જ્ઞાયકની પરિણતિ પહેલાં સહજ થવી જોઈએ, તો વિકલ્પ તૂટીને આનંદ થાય.

હું જ્ઞાયક છું એવો કોઈવાર અભ્યાસ કરે તે થોડીવાર કરે, પણ વિભાવનો અભ્યાસ તેને ચોવીસ કલાક ટકેલો છે. આત્માને પ્રાપ્ત કરવાનો તીવ્ર પુરુષાર્થ નથી કરતો એટલે નિર્વિકલ્પદશા થઈને જે આનંદ આવવો જોઈએ તે આવતો નથી. જીવનમાં વિકલ્પ સાથેનું એકત્વ વણાઈ ગયું છે અને ભેદજ્ઞાનનો અભ્યાસ માંડ માંડ કરે છે, એટલે આનંદ આવતો નથી.

ભાવના રહે, રુચિ રહે, મહિમા રહે પણ પુરુષાર્થની ધારા તે તરફ જાતી નથી એટલે થાતું નથી.

પ્રશ્ન :—સ્વભાવ છે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે, તેમાં કરવાપણું નથી, તો અમારી મતિ ક્યાં મૂંઝાઈ છે? તે સમજવા આવ્યો છું.

સમાધાન :—ક્યાંક પોતે ને પોતે રોકાઈ જાય છે, કોઈ તેને રોકતું નથી. ઉત્પાદ-

વ્યય-ધ્રૌવ્યને યથાર્થ સમજે અને વાસ્તવિક રીતે કર્તાબુદ્ધિ છોડીને જ્ઞાયક થઈ જાય તો કરવાપણું કાંઈ રહેતું નથી. હું પરપદાર્થનું કરી શકું, વિકલ્પનો હું કર્તા છું અથવા રાગનો હું કર્તા છું તે બધું વાસ્તવિક રીતે છૂટી જાય અને જ્ઞાયકની પરિણતિ થઈ જાય, તો કાંઈ કરવાનું રહેતું નથી. પોતે સહજ જ્ઞાતા થઈ જાય, સહજ જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ વસ્તુ છે તે રૂપે જ્ઞાન પરિણમી જાય એટલે કે પોતે જે ત્રિકાળી સ્વરૂપે છે તેમાં દૃષ્ટિ થંભાવીને જ્ઞાન કરે, લીનતા કરે તો કાંઈ કરવાનું રહેતું નથી ને પોતે જ્ઞાયક થઈ જાય, પણ જ્ઞાયક થતો જ નથી અને કર્તૃત્વબુદ્ધિ ઊભી રહે છે કે હું કાંઈક કરું, કોઈ કહે, બહારનું કરું, આમ કરું, તેમ કરું; પણ તે કર્તૃત્વબુદ્ધિ કરે છે, બહારનું કાંઈ કરી શકતો નથી. ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સહજ સ્વભાવ છે તે રૂપે જ્ઞાન થઈ જાય તો કાંઈ કરવાનું રહેતું નથી.

પોતે નિષ્કર્મ નિવૃત્તિરૂપે પરિણતિ કરવી. સ્વભાવરૂપે પરિણમી જવું, થતું નથી તે પોતાની રુચિની ખામી છે. પોતાને બહારની પ્રવૃત્તિ રુચે છે. નિવૃત્ત સ્વરૂપ આત્મા છે તેમાં જ શાંતિ અને આનંદ ભર્યા છે, પરંતુ તે જાતની પોતાની રુચિ નથી એટલે બહારનું કાંઈ કરું એવી તેની પરિણતિ થયા કરે છે.


પ્રશ્ન :—શું રુચિ જ નથી?

સમાધાન :—હું નિવૃત્ત સ્વરૂપ જ છું અને પર્યાયમાં નિવૃત્તરૂપ પરિણમી જઉં, તેવી અંતરમાં રુચિની જો ઉગ્રતા હોય તો પુરુષાર્થ થયા વગર રહે જ નહિ. જેને ક્યાંય ચેન પડે નહિ, વિકલ્પભાવમાં એક ક્ષણમાત્ર ટકે નહિ, તો તે વિકલ્પ છૂટી જ જાય. પોતે વિકલ્પમાં અટક્યો છે તે એમ બતાવે છે કે પુરુષાર્થની મંદતા છે, તેથી ત્યાં ટકી રહ્યો છે.

પ્રશ્ન :—જે ટકી રહ્યો છે તેને રુચિની જાતમાં ખામી છે કે રુચિની માત્રામાં ખામી છે?

સમાધાન :—પોતાનું પોતે સમજી લેવું, જાતમાં ખામી છે કે માત્રામાં તે પોતાનું હૃદય સમજી લે. હું ચૈતન્યસ્વરૂપ છું તે એક જ મારે જોઈએ છે, છતાં હું બહારમાં જાઉં છું તે મારી રુચિની જાતમાં ખામી છે. પૂજ્ય ગુરુદેવ ચોખ્ખો માર્ગ બતાવે અને રુચિની જાતમાં ખામી રહે, તો પોતાની ખામી છે. પૂજ્ય ગુરુદેવે આવો ઉપદેશ આપ્યો અને જેણે યથાર્થ મુમુક્ષુ થઈને સાંભળ્યું હોય તેની રુચિમાં ખામી રહે તે કેમ બને? પણ પોતાને રુચિની માત્રામાં, દૃઢતામાં, એમ અનેક પ્રકારે ખામી છે, તેથી બહારમાં ટકી રહે છે.

*



## બાળ વિભાગ

# એક હતો હાથી

એક હતો હાથી....ભારે મોટો હાથી ! ઘણો સુંદર હાથી ! રામચંદ્રજીના વખતની આ વાત છે.

મહારાજા રાવણ એક વખત લંકા તરફ જતા હતા; ત્યાં વચ્ચે સમ્મેતશિખર–ધામ આવ્યું. આ મહાન તીર્થધામને દેખીને રાવણને ઘણો આનંદ થયો, મને તેની નજીક મુકામ કર્યો.

ત્યાં તો એકાએક મેઘગર્જના જેવી ગર્જના સંભળાવા લાગી, લોકો ભયથી નાસભાગ કરવા લાગ્યા; લશ્કરના હાથી, ઘોડા વગેરે પણ ભયથી ચીસ પાડવા લાગ્યા. રાવણે આ કોલાહલ સાંભળ્યો ને મહેલ પર ચડીને જોયું કે–એક ઘણો મોટો ને અત્યંત બળવાન હાથી ઝૂલતો–ઝૂલતો આવી રહ્યો છે, તેની આ ગર્જના છે, ને તેનાથી ડરીને લોકો ભાગી રહ્યા છે; હાથી ઘણો જ સુંદર હતો. આવો મજાનો, ઊંચો ઊંચો હાથી દેખીને રાવણ રાજી થયો; ને તેને આ હાથી ઉપર સવારી કરવાનું મન થયું; એટલે હાથીને પકડવા માટે તે નીચે આવ્યો ને હાથીની સામે ચાલ્યો. રાવણને દેખતાં જ હાથી તો તેની સામે દોડ્યો. લોકો આશ્ચર્યથી જોઈ રહ્યા કે હવે શું થાશે !

–પણ રાજા રાવણ ઘણો બહાદુર હતો. 'ગજકેલિ'માં એટલે કે હાથી સામે રમવાની કળામાં તે હોશયાર હતો. પહેલાં તો તેણે પોતાના કપડાનો દડો બનાવીને હાથી સામે ફેંક્યો; હાથી તે દડાને સૂંઘવા રોકાયો, ત્યાં તો છલાંગ મારીને રાવણ તે હાથીના માથા ઉપર ચડી ગયો, ને તેના કુંભસ્થળ પર મૂઠીનો પ્રહાર કરવા લાગ્યો.

હાથી ગભરાઈ ગયો. તેણે સૂંઢ ઊંચી કરીને રાવણને પકડવા ઘણી મહેનત કરી; પણ રાવણ તેના બે દંતશૂળ વચ્ચેથી સરકીને નીચે ઊતરી ગયો. આમ ઘણીવાર સુધી હાથી સામે રમત કરીને હાથીને થકાવી દીધો, ને છેવટે રાવણ હાથીની પીઠ ઉપર ચઢી ગયો. હાથી પણ જાણે રાજા રાવણને ઓળખી ગયો હોય તેમ શાંત થઈને વિનયવાન સેવકની માફક ઊભો રહ્યો. રાવણ તેના ઉપર બેસીને મહેલ તરફ આવ્યો. ચારેકોર જય–જયકાર થઈ રહ્યો.

રાવણને આ હાથી ખૂબ જ ગમી ગયો, તેથી તેને તે લંકા લઈ ગયો; લંકામાં તે હાથીની પ્રાપ્તિનો ઉત્સવ કરીને તેનું નામ ત્રિલોકમંડન રાખ્યું. રાવણના લાખો હાથીમાં તે પટ્ટ હાથી હતો.


હવે એકવાર રાવણ સીતાને ઉપાડી ગયો, રામ-લક્ષ્મણે લડાઈ કરીને રાવણને હરાવ્યો, ને સીતાને લઈ અયોધ્યા આવ્યા; ત્યારે લંકાથી તે ત્રિલોકમંડન–હાથીને પણ

પોતાની સાથે લેતા આવ્યા. રામ-લક્ષ્મણના ૪૨ લાખ હાથીઓમાં તે સૌથી મોટો હતો, ને તેનું ઘણું માન હતું.

રામના ભાઈ ભરત અત્યંત વૈરાગી હતા; જેમ પારધીથી હરણીયાં ભયભીત હોય તેમ ભરતનું ચિત્ત સંસારના વિષયભોગોથી અત્યંત ભયભીત હતું; તે સંસારથી વિરક્ત થઈને મુનિ થવા માગતા હતા.

જેમ પીંજરામાં પૂરાયેલો સિંહ ખેદખિન્ન રહે ને વનમાં જવા ઈચ્છે, તેમ વૈરાગી ભરત ગૃહવાસના પીંજરાથી છૂટીને વનવાસી મુનિ થવા ઈચ્છતા હતા, પણ રામ-લક્ષ્મણે આગ્રહ કરીને તેને રોક્યા હતા. તેણે ઉદાસચિત્તે થોડા દિવસ તો ઘરમાં વીતાવ્યા; પણ હવે તો રત્નત્રય-જહાજમાં બેસીને સંસારસમુદ્રને તરવા તે તૈયાર થયા હતા.

એકવાર ભરત સરોવરકિનારે ગયેલ, તે વખતે ગજશાળામાં શું બન્યું તે સાંભળો ! ગજશાળામાં બાંધેલ ત્રિલોકમંડન હાથી મનુષ્યોની ભીડ દેખીને એકાએક ગર્જવા લાગ્યો ને સાંકળ તોડીને અવાજ કરતો ભાગ્યો. હાથીની ગર્જના સાંભળીને અયોધ્યાના લોકો ભયભીત થઈ ગયા. હાથી તો દોડ્યો જાય છે, રામ-લક્ષ્મણ તેને પકડવા પાછળ દોડે છે. દોડતોદોડતો તે હાથી સરોવર–કિનારે જ્યાં ભરત પૂજા કરતો હતો ત્યાં આવ્યો. લોકો ચિંતામાં પડ્યા– હાય ! હાય ! હવે શું થશે ! રાણીઓ અને પ્રજાજનો રક્ષણ માટે ભરતની શરણે આવ્યા. તેની મા કૈકેયી પણ ભયથી હાહાકાર કરવા લાગી. હાથી દોડતો દોડતો ભરતની પાસે આવીને



ઊભો. ભરતે હાથી સામે જોયું ને હાથીએ ભરતને દેખ્યો. બસ. ભરતને દેખતાંવેત તે હાથી એકદમ શાંત થઈ ગયો. હાથી તેને ઓળખી ગયો કે અરે, આ ભરત તો મારો પૂર્વભવનો પરમ મિત્ર ! હાથીને પૂર્વભવનું જ્ઞાન થયું. પૂર્વભવમાં ભરત તેનો મિત્ર હતો. બંને મુનિ થયેલા, અને પછી છઠ્ઠા સ્વર્ગમાં બંને સાથે હતા. હાથીને તે યાદ આવ્યું ને ઘણો અફસોસ થયો, કે અરેરે ! પૂર્વભવમાં હું આ ભરતની સાથે જ હતો, પણ મેં ભૂલ કરી તેથી હું દેવમાંથી આ પશુ થઈ ગયો. અરેરે, આવો પશુનો અવતાર ! તેને ધિક્કાર છે.

આમ ભરતને જોતાં જ હાથી એકદમ શાંત થઈને ઊભો રહ્યો. જેમ ગુરુ પાસે શિષ્ય

વિનયથી ઊભો રહે તેમ ભરત પાસે હાથી વિનયથી ઊભો. ભરતે પ્રેમથી તેના માથે હાથ મૂકીને કહ્યું : અરે ગજરાજ ! તને આ શું થયું ? તું શાંત થા !! આ ક્રોધ તને શોભતો નથી. તારા ચૈતન્યની શાંતિને તું જો.

ભરતના મીઠાં વચન સાંભળતાં હાથીને ઘણી શાંતિ થઈ; તેની આંખમાંથી આંસુ નીકળવા લાગ્યાં ! વૈરાગ્યથી તે વિચારવા લાગ્યો કે અરે, હવે અફસોસ કરવો શું કામનો ?—પણ હવે મારું આત્મકલ્યાણ થાય ને હું આ ભવદુઃખથી છૂટું એવો ઉપાય કરીશ. આ રીતે પરમ વૈરાગ્યનું ચિંતન કરતો હાથી એકદમ શાંત થઈને ભરતની સામે ટગર ટગર જોતો ઊભો. જાણે કહેતો હોય કે હે બંધુ ! તમે પૂર્વભવના મારા મિત્ર છો; પૂર્વે સ્વર્ગમાં આપણે સાથે હતા, તો અત્યારે પણ મને આત્મકલ્યાણ આપીને આ પશુગતિમાંથી મારો ઉદ્ધાર કરો !

(વાહ રે વાહ ! ધન્ય હાથી ! તેં હાથી થઈને આત્માના કલ્યાણનું મોટું કામ કર્યું ! પશુ હોવા છતાં તે પરમાત્માને ઓળખી લીધા ને તારું જીવન સાર્થક કર્યું.)

હાથીને એકાએક શાંત થઈ ગયેલો જોઈને લોકો આશ્ચર્ય પામ્યા—અરે આ શું થયું ! ભરતે હાથી ઉપર શું જાદુ કર્યું ? તે આમ એકાએક શાંત કેમ થઈ ગયો ? ભરત તેના ઉપર બેસીને નગરીમાં આવ્યો; ને હાથીને હાથીખાનામાં રાખ્યો; મહાવત લોકો તેની ખૂબ સેવા કરે છે, તેને રીઝવવા વાજિંત્ર વગાડે છે, તેને માટે લાડવા કરાવે છે; તેને ઉત્તમ શણગારથી સજે છે.

—પણ આશ્ચર્યની વાત એ છે કે હાથી હવે કાંઈ ખાતો નથી, વાજિંત્રમાં કે શણગારમાં ધ્યાન દેતો નથી, ઊંઘતો પણ નથી, તે એકદમ ઉદાસ રહે છે; ક્રોધ પણ કરતો નથી, એકલો—એકલો આંખો મીંચીને શાંત થઈને બેસી રહે છે ને આત્મહિતની જ વિચારણા કરે છે; જાતિસ્મરણને લીધે તેનું ચિત્ત સંસારથી ને શરીરથી અત્યંત વિરક્ત થયું છે....

આમ ને આમ ખાધા—પીધા વગર એક દિવસ ગયો, બે દિવસ ગયા, ચાર દિવસ થઈ ગયા...ત્યારે મહાવતો મૂંઝાયા ને શ્રીરામ પાસે આવીને કહ્યું—હે દેવ ! આ હાથી ચાર દિવસથી કાંઈ ખાતો નથી, પીતો નથી, ઊંઘતો નથી, તોફાન પણ કરતો નથી; શાંત થઈને બેઠો છે; ને આખો દિવસ શેનુંક ધ્યાન ધર્યા કરે છે ! તો શું કરવું ? તેને રીઝવવા અમે ઘણું કરીએ છીએ; પણ એના મનમાં શું છે ? તે ખબર પડતી નથી ! મોટા મોટા ગજવૈદ્યને બતાવ્યું, તેઓ પણ હાથીના રોગને જાણી શક્યા નહિ—આ હાથીને લીધે આપણી આખી સેનાની શોભા છે. આવો મોટો બળવાન હાથી—તેને એકાએક આ શું થઈ ગયું ! તે અમને સમજાતું નથી. માટે તેનો કાંઈક ઉપાય કરો ! હાથીની આ વાત સાંભળી, રામ ને લક્ષ્મણ પણ ચિંતામાં પડી ગયા. (ક્રમશઃ) ❊

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

નાયરોબી નિવાસી શ્રી જેઠાલાલ દેવરાજ શાહના સુપુત્ર વિનોદભાઈ (ઉ.વ. ૭૪) તા. ૬-૧૦-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

વડોદરા નિવાસી મુકેશભાઈ કોઠારીના ધર્મપત્ની મીનાબેન (ઉ.વ. ૫૬) તા. ૪-૧૧-૨૦૧૭ ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

અમદાવાદ નિવાસી લલિતાબેન સોમચંદભાઈ દોશી (ઉ.વ. ૯૬) તા. ૧૬-૧૧-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

સુરેન્દ્રનગર નિવાસી (હાલ અમદાવાદ) શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ (ઉ.વ. ૯૩) તા. ૬-૧૨-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે. તેઓ સુરેન્દ્રનગર શ્રી શાંતિનાથ મંદિરના પાયાના સ્તંભ હતા. તેઓનું આખું કુટુંબ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવે છે. અને તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા રહે છે.

બહારગામથી પધારતા મુમુક્ષુઓને કે જેઓ ભોજનાલયમાં ભોજન લેવા ઈચ્છતા હોય તો તેઓએ ભોજનાલયમાં પહેલા જાણ કરવા વિનંતિ.

સંપર્ક નંબર :

ટેલિફોન નં. ૦૨૮૪૬ ૨૪૪૦૮૪,

મો. ૦૯૪૨૯૦૫૪૮૦૩ (દિલીપભાઈ-મેનેજર)

## (૫૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.)

(૧) ..................નું પહેલું સૂત્ર 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' છે.
(પંચાધ્યાયી, મોક્ષમાર્ગપ્રકાશક, મોક્ષશાસ્ત્ર)

(૨) દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સંખ્યા અપેક્ષાએ ................ સમાન છે.
(દ્રવ્ય-પર્યાય, ગુણ-પર્યાય, દ્રવ્ય-ગુણ)

(૩) સમયસાર શાસ્ત્રમાં ............... ને જ આત્મા કહ્યો છે. (ચારિત્ર, જ્ઞાન, સુખ)

(૪) બધા જ જીવોમાં અજ્ઞાનદશા કાયમ નથી રહેતી તેનું કારણ ............. ગુણ છે.
(દ્રવ્યત્વ, અસ્તિત્વ, પ્રમેયત્વ)

(૫) ઉચ્છ્વાસ એ ................. કર્મ પ્રકૃતિનો પ્રકાર છે. (નામ, આયુ, વેદનીય)

(૬) શુક્લ લેશ્યા અજ્ઞાનીને પણ હોય છે, જ્યારે શુક્લધ્યાન માત્ર ............... ને હોય છે. (અવિરત સમ્યગ્દષ્ટિ, શ્રાવક, ભાવલિંગી મુનિ)

(૭) જીવ દ્રવ્યમાં વિભાવ વ્યંજન પર્યાય .................. માં ગુણસ્થાન સુધી હોય છે.
(૧૨, ૭, ૧૪)

(૮) આહારક—તેજસ સમુદ્ઘાત............. ગુણસ્થાનમાં થાય છે.
(સાતમા, છઠ્ઠા, અગિયારમા)

(૯) મેરુ પર્વતની ............. દિશામાં ભરતક્ષેત્ર આવેલ છે. (ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ)

(૧૦) છઢાળાના મંગલમાં ..................ને નમસ્કાર કર્યા છે.
(મહાવીર ભગવાન, વીતરાગ વિજ્ઞાન, સિદ્ધ ભગવાન)

(૧૧) બારમાં ગુણસ્થાનવર્તી મુનિને નિયમથી ................. સમ્યક્ત્વ હોય છે.
(ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક)

(૧૨) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતમાં આવે છે કે, "હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી, એવો સ્વાશ્રયભાવ રહે તે .................નું કારણ છે." (સંસાર, સ્વર્ગ, મુક્તિ)

(૧૩) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતમાં આવે છે કે "............... ની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ થાય જ છે." (મોક્ષ, ચૈતન્ય, પુણ્ય)

(૧૪) સમવસરણની શ્રીમંડપ ભૂમિની બારસભામાં પ્રથમ સભા ...........હોય છે.
(મુનિ, મનુષ્ય, કલ્પવાસીદેવ)

(૧૫) સપ્તભંગીમાં અસ્તિ-નાસ્તિ એ બંને જીવના સ્વભાવ છે તો પણ એક સાથે કહેવા અશક્ય છે માટે જીવ .................... છે.
(સ્યાત અસ્તિ-નાસ્તિ, સ્યાત અસ્તિ અવક્તવ્ય, સ્યાત અવક્તવ્ય)

(૧૬) અખંડ આત્માના ગુણોનો ભેદ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કથન કરવું એ......... રત્નત્રય છે. (ભેદાત્મક, અભેદાત્મક, ભેદાભેદાત્મક)

(૧૭) ''અનેકાંતમય મૂર્તિ સદા પ્રકાશમાન રહો'' એ વાત ............... શાસ્ત્રના બીજા કળશમાં કહી છે. (નિયમસાર, સમયસાર, પ્રવચનસાર)

(૧૮) કર્મના ઉદયનાં કારણે રાગ થયો એમ માનવામાં આવે તો............ અભાવને માન્યો નથી. (અન્યોન્ય, પ્રાગ, અત્યંત)

(૧૯) અગિયારમાં જયસેન ચક્રવર્તી .............. ગયા છે. (સ્વર્ગ, મોક્ષ, નરક)

(૨૦) નિષ્પ્રયોજન જમીન ઉપર ચાલવું એ ................ અનર્થદંડનો પ્રકાર છે.
(દુઃશ્રુતિ, પ્રમાદચર્યા, હિંસાદાન)

# પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન
# ડિસેમ્બર–૨૦૧૭ના ઉત્તર

(૧) સિદ્ધ
(૨) પારિણામિક
(૩) અપરિણામી
(૪) વિકલ્પ
(૫) આચાર્ય
(૬) વીર્ય
(૭) પર્યાય
(૮) ક્ષાયિક
(૯) એક
(૧૦) નેમિનાથ
(૧૧) પાંચ
(૧૨) વંદના
(૧૩) અનુપચરિત સદ્ભુત
(૧૪) સંવેગ
(૧૫) વિભાવ અર્થપર્યાય
(૧૬) જ્ઞપ્તિક્રિયા
(૧૭) સમયસાર
(૧૮) સકલ પ્રત્યક્ષ
(૧૯) ઈહા
(૨૦) તૈજસ

## (૫૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) સમ્યક્ત્વાદિ વીતરાગભાવ તે સાચો ................ છે.

(૨) રાગાદિ ભાવોથી રહિત શુદ્ધભાવ તે ............... છે.

(૩) જ્ઞાન તે આત્માનું ........... જ છે તેથી જ્ઞાન આત્માથી કદી જુદું પડતું નથી.

(૪) મુમુક્ષુ જીવને .............. પદ સિવાય બીજું કાંઈ સાધ્ય નથી.

(૫) સાધકદશાનો ................ સમય હોય છે.

(૬) સાધ્યરૂપ મોક્ષદશાનો કાળ ............. છે.

(૭) ............... પૂર્વક જ સાચો વ્યવહાર હોય છે.

(૮) સમ્યક્દર્શનની સાથે ધર્મીને ............. આદિ આઠગુણ હોય છે.

(૯) ................ પુણ્યને ઈચ્છે છે.

(૧૦) ............... ના શરીરમાં રોગ અથવા અશુચિ હોતા નથી.

(૧૧) સમ્યક્દર્શન ................ ધર્મ સિવાય બીજા ધર્મમાં ન થાય.

(૧૨) મોક્ષ પામવા માટે .............. ખાસ જરૂરી છે.

(૧૩) સાતથી બાર ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ .............. અંતરાત્મા હોય છે.

(૧૪) દેશવ્રતી શ્રાવક અને મહાવ્રતી મુનિ ............... અંતરાત્મા છે.

(૧૫) અરિહંત ભગવાનને ............ અને ............. ગુણસ્થાન હોય છે.

(૧૬) પોતાનું મોટાપણું અને આજ્ઞાનો ગર્વ કરવો એ ............... મદ છે.

(૧૭) ભૂતાર્થ સ્વભાવના આશ્રયે સમ્યક્દર્શન તે સમયસારની .............. મી ગાથામાં છે.

(૧૮) બહિરાત્મદશામાં તો એકાંત ............... જ છે.

(૧૯) મોક્ષશાસ્ત્ર સંસ્કૃતમાં ............... સ્વામીએ લખ્યું છે.

(૨૦) જે જીવ ............ હોય તેને સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધા ન હોય.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન
# ડિસેમ્બર–૨૦૧૭ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) સુખ | (૮) મોક્ષ | (૧૫) ઉમાસ્વામી |
| (૨) ધર્મી | (૯) નિશ્ચય | (૧૬) ૧૧ |
| (૩) પહાડ | (૧૦) સમયસાર | (૧૭) અંતર |
| (૪) અનંત | (૧૧) બાહ્ય | (૧૮) ૪૩ |
| (૫) ગ્રાહક | (૧૨) ઉપયોગ | (૧૯) અરિહંત – સિદ્ધ |
| (૬) મોક્ષ | (૧૩) નિશ્ચય | (૨૦) આચાર્ય, ઉપાધ્યાય સાધુ |
| (૭) નિશ્ચય | (૧૪) સમ્યક્‌દર્શન | |






હીરાના મા-બાપ વાતચિત કરતાં હતા કે અમુક કામ માટે હીરાને ઘોઘા મોકલવો. તે સાંભળીને હીરો મા-બાપને પૂછ્યા વગર ઘોઘે જઈ આવ્યો અને ડેલે હાથ દઈ પાછો આવ્યો.

તેમ સાત તત્ત્વોના ભાવભાસન વિના કરમચંદ દરરોજ રૂઢિ મુજબ સામાયિક કરે છે. એક વખતે ગુરુને પૂછે છે કે હે ગુરુ! આત્મા કેટલા પરમાણુનો બનેલો હશે?

**તાત્પર્ય**

હેતુ સમજ્યા વિના હીરો વ્યર્થ ઘોઘે જઈ આવ્યો તેમ સાત તત્ત્વોના ભાવભાસન વિના અજ્ઞાની સામાયિક કરે છે તે વ્યર્થ છે એટલે કે તેને ધર્મ થતો નથી. જીવ જ્ઞાન સ્વભાવી સ્વ છે, કર્મ-શરીરાદિ અજીવ પર છે, આસ્રવ, બંધ અહિતકર છે, સંવર, નિર્જરા હિતકર છે અને મોક્ષ પરમ હિતકર છે. આમ સાત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ સ્વમાં રહીને શ્રદ્ધે, જાણે તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

**બાહ્ય ક્રિયાની રુચિ છોડો અને યથાર્થ જ્ઞાનક્રિયાની રુચિ કરો.**

શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગમ્બર જિનમંદિર
રજતજયંતી મહોત્સવ અંતર્ગત

## શ્રી માનસ્તંભ જિનબિમ્બ
## પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

**(વિધિનાયક બાલ બ્રહ્મચારી નેમિનાથ ભગવાન)**

**તા. ૨૨ જાન્યુઆરી ૨૦૧૮, સોમવારથી—૨૯ જાન્યુઆરી ૨૦૧૮, સોમવાર**

અત્યંત હર્ષોલ્લાસ સહ જણાવવાનું કે પરમોપકારી કૃપાળુ કહાનગુરુદેવના ચરણોથી ચાર ચાર વાર પવિત્ર થયેલા મધ્યપ્રદેશના ખંડવા શહેરમાં પચીસ વર્ષ પૂર્વે નિર્માપિત શ્રી આદિનાથ કુંદકુંદ-કહાન દિગમ્બર જિનમંદિરના રજતજયંતી મહોત્સવ અંતર્ગત શ્રી માનસ્તંભ—મંદિરના નવનિર્માણનું તથા ધાતકીવિદેહસ્થ ભાવી ભગવાનના મંગલ પદાર્પણનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયેલ છે. તેનો મંગલમય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨ જાન્યુઆરી ૨૦૧૮ થી ૨૯ જાન્યુઆરી ૨૦૧૮ એમ આઠ દિવસ સુધી રાખવામાં આવેલ છે.

પરમપૂજ્ય દેવાધિદેવ ૧૦૦૮ ભગવાન મહાવીરપ્રભુ તથા પરમકૃપાળુ પરમોપકારી સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને સ્વાનુભવવિભૂષિત ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના જિનશાસન પ્રભાવક પુનિત ધર્મ પ્રભાવથી તથા કુંદકુંદ-ભારતીના પનોતા પુત્ર શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહના શુભાશિષથી અમારા આંગણે આવેલા આ મંગલ મહોત્સવમાં આપ સર્વે ગુરુભક્તોને સપરિવાર તથા મિત્રમંડળ સહિત પધારવાનું અમારું અતિ વાત્સલ્યપૂર્ણ ભાવભર્યું આમંત્રણ છે. તો આ નિજકલ્યાણના અનુપમ અવસરે આપ સર્વ પધારી અનુગ્રહીત કરશો એવી અમારી નમ્ર વિનંતી છે.

આ પ્રતિષ્ઠાના સર્વ વિધિવિધાન સોનગઢ ટ્રસ્ટ અંતર્ગત આત્માર્થી બાલ બ્ર. વ્રજલાલ ગીરધરલાલ શાહ (વઢવાણ)ના પ્રતિષ્ઠાચાર્યત્વમાં સંપન્ન થશે.

વિનીત
શ્રી આદિનાથ કુંદકુંદ-કહાન
દિગમ્બર જૈન મંદિર ટ્રસ્ટ, ખંડવા
અધ્યક્ષ—સુભાષચંદ્ર જૈનના જયજિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● હું અભેદ છું 'નિર્વિકલ્પ અહમ્' એમ પાઠ છે. વિકલ્પ—ભેદ નથી એ તો નાસ્તિથી વાત છે તેથી તે ન લીધી પણ હું નિર્વિકલ્પ છું એમ કહ્યું, હું ઉદાસીન છું. આહાહા ! આવી ચીજ સમજવા બધા આગ્રહ છોડવા જોઈએ. અમે જાણીએ છીએ એવા અભિમાન છોડવા જોઈએ. હું ઉદાસીન છું. મારી બેઠક ધ્રુવમાં છે. મારું આસન ધ્રુવ છે. પરથી તો હું ઉદાસ છું પણ પર્યાયથી પણ ઉદાસ છું. ૨૬૯.

● ત્રણે કાળ ને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ બધા જીવો છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે. આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન-વચન-કાયાથી તે કૃત-કારિત-અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે અંતર પાડ્યા વિના આ ભાવના કરવા લાયક કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે. ૨૭૦.

● સર્વજ્ઞ જિનેન્દ્રદેવે જે આત્મા ધ્રુવ કહ્યો છે તેને જે જીવ અવલંબે છે તેને તે ધ્રુવસ્વભાવમાંથી શુદ્ધતા પ્રગટ થાય છે. તેને તે આત્મા શુદ્ધપણે ઉલ્લસ્યો તેમ કહેવામાં આવે છે. જેમ અનાદિ અજ્ઞાનથી પુણ્ય-પાપના ભાવ તે હું એવો મિથ્યાત્વનો અનુભવ છે તે દુઃખનો અનુભવ છે. તેમ જ્ઞાનીને અતીન્દ્રિય આનંદામૃતના ભોજન છે. ૨૭૧.

● પ્રશ્ન :—જ્ઞાનીની પ્રરૂપણામાં અસત્‌ની પ્રરૂપણા આવે ?

ઉત્તર :—ના. જ્ઞાનીની વાણીમાં અસત્‌ની પ્રરૂપણા ન આવે. જ્ઞાનીને અસ્થિરતા હોય. પણ પ્રરૂપણામાં અસત્ કથન ન આવે. વ્યવહારથી નિશ્ચય થાય, રાગથી લાભ થાય કે રાગથી ધર્મ થાય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે એવી પ્રરૂપણાને અસત્ પ્રરૂપણા કહે છે. ૨૭૨.

● પ્રશ્ન :—પ્રવચનસારમાં વિકારને શુદ્ધનયથી જીવનો કહેવાનું શું પ્રયોજન છે ?

ઉત્તર :—વિકાર તે જીવથી પોતાથી થયો છે. પોતાના અપરાધનું કાર્ય છે પણ કર્મથી (પુદ્‌ગલથી) વિકાર થયો નથી તેમ બતાવવા વિકારને શુદ્ધનયથી (અશુદ્ધ નિશ્ચયનયથી) જીવનો કહ્યો છે. ૨૭૩.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૧૮
અંક-૫ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-1-2018
Posted on 1-1-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org